
# અધ્યાત્મ




વર્ષ : ૨૪    ડીસેમ્બર : ૨૦૦૨    અંક : ૩

## * ઈશ્વરપ્રણિધાનની કેળવણી *

સંસારના વિરોધી વાયુમંડળમાં વસીને ઈશ્વરની અચળ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનવાનું અથવા ઈશ્વરપ્રણિધાનને કેળવવાનું કાર્ય કેટલાકને કઠિન લાગે છે. એ કાર્ય કઠિન હોય તોપણ શક્ય છે. કરવા જેવું છે. જે સંસારની વચ્ચે આપણે વસીએ છીએ એ સંસાર સર્વપ્રકારે સાનુકૂળ કે સાત્ત્વિક નથી. એનાં બધાં પાત્રો, એના ઘટના પ્રસંગો, સંવાદો આપણી ઈચ્છા પ્રમાણેના અને સર્વપ્રકારે, સર્વકાળે સાનુકૂળ અથવા સુખશાંતિપ્રદાયક નથી હોતા. રામાયણમાં એકલા રામ નથી હોતા. રાવણ પણ હોય છે. રાવણની આવશ્યકતા રામના જેટલી જ હોય છે. એમાં એકલી સીતા જ હોય તો કામ ના ચાલે. કૈકેયી, મંથરા, શૂર્પણખા પણ જોઈએ. કોઈએ મેઘનાદ તો કોઈએ વિભીષણ, કોઈએ હનુમાન તથા અંગદ તો કોઈએ કાલનેમિ અને મારીચનો પાઠ ભજવવો જોઈએ. જીવનનું પણ રામાયણ છે. એમાં જુદા જુદા સંજોગો સર્જાય છે. તોપણ એમાં રામ, ભરત, હનુમાન, સીતા, ઊર્મિલાની પેઠે પોતાનો પાઠ ભજવતાં માનવે બને તેટલા સત્યપરાયણ, સ્થિર, શાંત, સ્થિતપ્રજ્ઞ તથા ઈશ્વરમય રહેતાં શીખવાનું છે. એ કાર્ય કષ્ટસાધ્ય હોય તોપણ એકદમ અશક્ય નથી. અને ગમેતેમ કરીને સાધવું જ જોઈએ. ઈશ્વરપ્રણિધાનને પ્રકટાવવા તથા પ્રબળ બનાવવા માટે કથાશ્રવણ, સત્સંગ, સ્વાધ્યાય, પ્રાર્થના ભગવદ્દભક્તોનો સમાગમ અને આત્મચિંતન આવશ્યક છે.

**યોગેશ્વરજી**

# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક** : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| સંબંધોના સરોવરમાં ખીલેલું એક અનોખું પદ્મ—મા સર્વેશ્વરી | પ્રા. તરલાબેન દેસાઇ | ૯ |
| ગુરુચરણની ધૂળ | પરમાર્થી | ૩૦ |
| શ્રીમદ્‌ભાગવતમાં સત્યવિચાર | પ્રા. ડૉ. શાન્તિકુમાર પંડયા | ૩૧ |
| During my stay in India My insights & reaffirma–tions of Pujya Maa | Shipra Amin | ૩૯ |
| મારા ભારતરોકાણ દરમ્યાનનું પૂ. માનું આંતરદર્શન અને પ્રતીતિઓ | તંત્રી | ૪૫ |
| મુંડક ઉપનિષદ્‌ (૫) | મહાત્મા યોગેશ્વરજી | ૫૧ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૫૫ |
| A thrilling experienee! | Jagrat P. Jni | ૫૭ |
| એક રોમાંચક અનુભવ! | તંત્રી | ૫૯ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |


# * અભિનંદનીય સહાય *

હે યોગેશ્વર ગંગ પાવન વહો મારા હૃદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ, ગુરુ હે સ્વીકારજો વંદના.

* * *

પરમાર્થી તાપે શ્રમિત, આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી, પાજે અમૃતધાર.

— પરમાર્થી

**કપૂરાના ભક્તપુરુષ જેમને પૂ. શ્રી યોગેશ્વરજીએ જ્ઞાનીભક્ત પરમાર્થી કહ્યા, શ્રી કબીરસાહિત્યની પરબડીસમા, કવિ, સમાજસેવક તરીકે અને સાચા સાધક તરીકે જીવન દીપાવ્યું. તે શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીની પાવનસ્મૃતિમાં**

**શ્રી મણિબેન પરમાર્થી**
**જયંત–મધુ–સારંગ–ગોપી પરમાર્થી**
**પંકજ–દક્ષા–ચિન્મય–ભક્તિ–અચ્યુત પરમાર્થી**
**બ્રાઉન્સવીલ–ટેક્ષાસ–યુ.એસ.એ.**
[કપૂરા]

**આ....માસનો અધ્યાત્મનો રસથાળ પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં અર્પણ કરે છે.**

* * *

**હે પરમાર્થી પરિવાર, પ્રભુના આશીર્વાદ સાથે**
**ધર્મે-સત્કર્મે ઘસાઈને ઉજળા થઇ સૌને દીપાવતા રહો.**

— મા સર્વેશ્વરી.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૪ ડીસેમ્બર–૨૦૦૨ અંક : ૩

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૮/૯/૮૧ સોમવાર, ભાદરવા વદ અમાસ, ૨૦૩૭**

**સ્થળ : રગ્બીથી લંડન.**

સવારે પૂ. શ્રી નિત્યક્રમમાં નિયમિત રહે છે. સાડા અગિયારે મુલાકાતીઓ સાથે વાતો થાય છે. શ્રી કલ્યાણ પ્રાર્થનામંડળના પ્રમુખને ત્યાં જવાનું બને છે. ત્યાં પૂ. શ્રી દૂધ લે છે. પુષ્પ ચંદનથી વિદાય આપવામાં આવે છે.

ફરી મંદિરમાં આવી ગયા. લેસ્ટરથી શ્રીકાન્તભાઈ વ્યાસ આવી ગયા હતા. એમની શ્રદ્ધાભક્તિ ને સેવાની ભાવના અનન્ય હતી. તેમની ઈચ્છા રગ્બીથી લંડન મૂકવા માટે આવવાની હતી. જેથી તેઓ પોતાની ગાડી લઈને આવી ગયા.

મંદિરમાંથી વિદાય લીધી. સૌએ પ્રણામ કરી ફરી ફરી પધારવાની વિનંતિ કરી. દોઢ વાગ્યે ગાડીમાં બેઠાં. માર્ગમાં



સત્સંગની જ વાતો થઈ. ઉત્તરની યાત્રા, ભગવતગીતાની વાતો પણ થઈ. મંત્રજપની પણ ચર્ચા થઈ.

માર્ગમાં વોટફોર્ડમાં આવેલું શ્રી હરેકૃષ્ણ મંદિર છે તે જોવાનું બન્યું. એ મંદિરમાં ગુજરાતી ભાઈઓ પણ રહે છે. હરેકૃષ્ણ મંદિર બધે હોય છે; તેવા જ આ મંદિરના પણ વિભાગો હતા. પોણો કલાક રોકાઈને આગળ ચાલ્યાં.

લંડનમાં આવી ગયાં. સાઉથ લંડનના કલેફ્મ રોડ ઉપર બાલમ વિસ્તારમાં આવી ગયાં.

ઘરમાં પ્રવેશતાં જ યજમાને સાષ્ટાંગ પ્રણામ કર્યા ને પરિવારના બીજા સભ્યોએ મંજીરા ને ઢોલક સાથે દિગંબરા દિગંબરાની ધૂન ગાવાની શરૂ કરી. ધૂન ગાતા ગાતા ઉપર દેવસ્થાનના ઓરડામાં લઈ ગયા. ત્યાં બે આસનો હતાં. ત્યાં પણ દશ મિનિટ ધૂન ચાલુ જ રાખી. પછી આરતી ઉતારી પાદ પ્રક્ષાલન કરવાની બચુભાઈની ભાવના પૂ. શ્રીએ આનાકાની પછી થોડીક છૂટ સાથે પૂરી કરી. શ્રી બચુભાઈનો પ્રેમભાવ જુદો જ હતો.

પછી ભોજન લેવાનું બન્યું. અતિશય ઠંડીને લીધે સંતો પણ આ દેશમાં ખુરશી ઉપર બેસીને ભોજન લે છે; જેથી શ્રી બચુભાઈએ પણ પૂ. શ્રી માટે એવી જ વ્યવસ્થા ગોઠવી હતી. પણ પૂ. શ્રીએ એનો અસ્વીકાર કર્યો ને ઓરડામાં નીચે જ પાટલા મૂકીને ભોજન દરરોજની જેમ જ લીધું.

રગ્બીથી આવનાર ભાઈબેનો વિદાય થયાં.

વૃંદાવનવાળા શ્યામાદેવીએ તૈયાર કરેલા રાધાકૃષ્ણમંદિરમાં પૂ. શ્રીનાં પ્રવચનો આજથી શરૂ થયાં.

મંદિરના પૂજારી શ્રી રૂપાનંદજી ખૂબ નમ્ર, પ્રેમાળ ને સેવા-

ભાવી છે. તેમણે પૂ. શ્રીનું ને સર્વેશ્વરીનું પ્રણામ, પુષ્પ ને ચંદનથી સ્વાગત કર્યું.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. આરામ.

**તા. ૨૯/૯/૮૧ મંગળવાર, આસો સુદ એકમ, ૨૦૩૭**
**સ્થળ : સાઉથ લંડન, ઇંગ્લેન્ડ.**

આજથી નવરાત્રિ શરૂ થઇ. એકવાર ભોજન લઇને નવરાત્રિ કરવાની છે. સવારના નિયમિત રહેતા ક્રમમાં સાડા અગિયાર ક્યારે વાગી ગયા તે ખબર ન પડી.

ભોજન દેવસ્થાનના ઓરડામાં જ લેવાનું નક્કી કર્યું. દેવસ્થાનના એ પવિત્ર ઓરડામાં શ્રી રંગઅવધૂતજી જે ખુરશી ઉપર બેઠા હતા તે ખુરશી, લાકડી, રંગઅવધૂતની મોટી તસ્વીર, શ્રી રંગઅવધૂતની પાદુકા, ભગવાન દત્તાત્રેયની મૂર્તિ, શિવલિંગ વગેરેનાં દર્શન થયાં જ કરે છે. આ પરિવાર પૂ. અવધૂતજીના ભક્ત છે, જેથી એમની સ્મૃતિઓ અહીં વિશેષ રીતે જોવા મળે છે. વળી પૂ. શ્રી રંગઅવધૂત ઝામ્બીયા દેશમાં પધારેલા, ત્યારે આ પરિવાર વચ્ચે પણ તેઓશ્રી રહ્યા હતા.

દેવસ્થાનમાં નીચે બે આસન નાંખી ભોજન લઇ લીધું. ભોજન બાદ સર્વેશ્વરી સો માળા પૈકી થોડી માળા બાકી હતી તે કરી લે છે. પછી ડાયરી લખે છે. પૂ. શ્રી થોડો આરામ કરે છે.

સાંજની મુલાકાતમાં એક બેન સાથે થોડી વાતો થઇ. સમયસર પ્રવચન સ્થળે જવાનું બન્યું. મંદિરમાં રાધાકૃષ્ણની સુંદર મૂર્તિ હતી. તેની પાસે જ પૂ. શ્રીની ઊંચી બેઠક અને બેઠક પાસે સર્વેશ્વરી માટે સહેજ નીચે આસન હતું. શ્રી રૂપાનંદજી પૂજારી બંનેનું સ્વાગત કરે છે. પ્રવચન ચાલુ થાય છે. અંતે બે ભજનો સર્વેશ્વરી ગવડાવે છે.



વિદાય સમયે શ્રી રૂપાનંદજી પૂ. શ્રી પાસે આવે છે. વાતો કરતાં કહે છે અહીં શંકરનું મંદિર પણ છે. હું પૂજા કરું છું. ૐ નમઃ શિવાયના જપથી જ પૂજા કરું, આરતી કરું છું. મને બીજું કશું આવડતું નથી.

પૂ. શ્રીએ કહ્યું, કશો વાંધો નહીં. શિવમહિમ્નસ્તોત્ર ને શિવની સ્તુતિ ગુજરાતીમાં મેં લખી છે તે તમને કાલે આપીશું, તેમાંથી તમને ઘણું શીખવાનું મળશે. બે ત્રણ શ્લોકો શીખી લેવા.

શ્રી રૂપાનંદજી ખૂબ આનંદમાં આવી ગયા. તેઓ સરળ, નમ્ર ને પ્રેમાળ છે. તેથી પોતાની વાતો સરળતાથી કહી શકે છે. શ્રી રૂપાનંદજી ફરીથી પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને સાષ્ટાંગ પ્રણામ કરે છે.

મંદિરમાંથી વિદાય થઇ ઘરે આવી ગયા. ફળાહાર કરી આરામ.

**તા. ૩૦/૯/૮૧ બુધવાર, આસો સુદ બીજ, ૨૦૩૭**
**સ્થળ : સાઉથ લંડન, ઇંગ્લેન્ડ.**

સવારે સાડા ચાર વાગ્યે પૂ. શ્રી સ્નાન કરી લે છે. વ્યાયામ કરીને જપ કર્યા બાદ સાત વાગ્યે તો લેખન ચાલુ થઇ જાય છે.

યજમાન શ્રી બચુભાઇ પોતાની દરરોજની પૂજા શરૂ કરતાં પહેલાં પૂ. શ્રીના ઓરડામાં આવે છે. પૂ. શ્રી લેખનમાં મગ્ન છે. શ્રી બચુભાઇ પોતાના હાથમાં ચંદન ને પુષ્પ લઇ રાહ જોતા બેઠા છે. દશેક મિનિટ પછી પૂ. શ્રીનું ધ્યાન જાય છે. ત્યારે શ્રી બચુભાઇ ચંદન તિલક કરી ફૂલ આપી પ્રણામ કરી લે છે. પછી સર્વેશ્વરીને ફૂલ, ચંદન, તિલક કરી પ્રણામ કરી વિદાય થાય છે. કોઇ વાતચીત થતી નથી. સર્વેશ્વરી પોતાના મંત્રજપ કરે છે. અગિયાર પછી સર્વેશ્વરી ડાયરી લખે છે. પૂ. શ્રી અગિયાર પછી હાથમાં માળા લઇ આંટા મારે છે.

દરરોજની જેમ દેવસ્થાનના પવિત્ર ઓરડામાં નીચે બેસી ભોજન લઇ લીધું. ખીચડી, કઢી ને શાકનું ભોજન હતું.

કેનેડાની અતિશય ઠંડી સામે જરૂરી ગરમ કપડાં લેવા સર્વેશ્વરી બહાર જાય છે, ત્યારે ખૂબ સરસ તડકો હતો. પણ થોડી-વારમાં સખત વરસાદ શરૂ થયો. વળી થોડી વારે તે બંધ પણ થઇ ગયો. અહીં વાતાવરણ ક્યારે બદલાય તે નક્કી નથી.

સાંજની મુલાકાતમાં શ્રી ગજેન્દ્ર વ્યાસ નામના ભાઇને સાધનાની થોડી મૂંઝવણ હતી તે પૂ. શ્રીએ દૂર કરી. તે ભાઇ દરરોજ સવાર સાંજ એક એક કલાક ધ્યાન કરે છે. ને પવિત્ર આહારવિહારનું ખાસ ધ્યાન રાખે છે. તેમણે પૂ. શ્રીનાં 'સત્સંગ' ને 'યોગદર્શન' પુસ્તકો વાંચ્યાં છે.

આજનું પ્રવચન 'પ્રાર્થના' ઉપર જ થયું. પ્રવચન પહેલાં દરરોજની જેમ શ્રી રૂપાનંદજીએ સ્વાગત કર્યું. પ્રવચનબાદ ભજન સર્વેશ્વરી ગવડાવે છે. પછી શાંતિપાઠ થાય છે.

મંદિરમાં આરતી થાય છે. પછી જયજયકાર થાય છે. છેવટે જય જય શ્રી રાધેશ્યામનો ત્રણવાર સમૂહમાં જયકાર થાય છે. ત્યારબાદ શ્રી રૂપાનંદજી પૂ. શ્રી પાસે એક મોટા પાત્રમાં ફળો મૂકે છે. પૂ. શ્રી તેમાંથી દરેક શ્રોતાઓને પ્રસાદ આપે છે. છેવટે પ્રભુના પ્રસાદના બે ગ્લાસ દૂધ શ્રી રૂપાનંદજી પૂ. શ્રીને અને સર્વેશ્વરીને અર્પણ કરે છે.

ત્યાર બાદ શ્રી રૂપાનંદજી ફરીથી નીચા નમીને સાષ્ટાંગ પ્રણામ કરે છે.

આજે પૂ. શ્રી શ્રી રૂપાનંદજીને શિવમહિમ્ન, વિષ્ણુસહસ્ર, સરળગીતા પુસ્તકો ભેટ આપે છે. શ્રી રૂપાનંદજી ખૂબ ખૂબ આનંદિત થઇને તે સ્વીકારે છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી દૂધ પીને આરામ કરવામાં આવે છે.

(ક્રમશઃ)



### સંબંધોના સરોવરમાં ખીલેલું એક

# અનોખું પદ્મ—મા સર્વેશ્વરી

પ્રા. તરલાબેન દેસાઇ

પરમ પૂજ્ય મા સર્વેશ્વરી.

'એક ન્યારો ચેતનાનાતો' એક વિશિષ્ટ હૃદયસંબંધ, પ્રેમ-સંબંધ—ભાવસંબંધ.

સંબંધસરિતાને સમંદરમાં સમાવી લો. દરેક સંબંધને પ્રભુના સ્વરૂપમાં ભેળવી દો.

એક શાયર કહે છે : 'સારું થયું કે મયખાનું મળી ગયું બાકી સફર જિન્દગીકા કાફી મુશ્કિલ થા? એક સંબંધ એક કેન્દ્ર, એક નાતો એવો હોય જ્યાં હરપળે આપણી અવરજવર થઇ શકે. 'આ જગતમાં એક ઘર એવું હોય જ્યાં કોઇ પણ કારણ વિના, ગમે ત્યારે જઇ શકાય.' સૂક્ષ્મ આધાર વિષમ પરિસ્થિતિઓમાં બળ આપે છે.

દુન્યવી તમામ સંબંધો પછી તે લોહીના હોય કે સ્નેહના સગપણના સ્વાર્થી હોય છે. મનુષ્યને જીવવા જોઇએ નિઃસ્વાર્થ, નિરપેક્ષ પ્રેમ, સો ટકાનો શુદ્ધ પ્રેમ. આજે બધા સંબંધો કેરેટિયા થઇ ગયા છે. 'સાચું સુવર્ણ શોધવું પડે એટલું નકલી સુવર્ણ બજારમાં હરતુંફરતું થઇ ગયું છે.

ક્યાં તો મૃત્યુનિર્મિત કે સંજોગનિર્મિત પણ વિચ્છેદ દરેક સંબંધનું અનિવાર્ય પરિણામ છે. પ્રત્યેક મિલન વિરહનું પહેલું પ્રકરણ. જેમાં મળવાનું—બિછડવાનું નથી એવો એક માત્ર પ્રેમ—

પ્રભુ પ્રેમ, પ્રભુતા સાથેનો પ્રેમ. ઈશ્વર સાથેનો સીધો સંપર્ક અથવા ઈશ્વરને જે પામી ચૂક્યા છે એની સાથેનો નાતો.

આ નાતામાં કશું આડે નથી આવતું. પૈસો, કીર્તિ, નામના, પ્રતિષ્ઠા, સમાજ–દુન્યવી વળગણોથી સંપૂર્ણ મુક્ત. એટલે અહમ્ વિસર્જન.

આપણને આપણી પાસે જ રાખે, આત્માની ઓળખ દૃઢાવે, આત્મશ્રદ્ધા બઢાવે, અનાત્માનો ઓછાયો ન પડવા દે, સત્ત્વમાં સ્થિર કરે એ જ સાચો સંબંધ.

જીવનની ઊભી વાટે અનેક સંબંધો. દરેક સંબંધનું આગવું મૂલ્ય, આપણા જીવનઘડતરમાં એનો ફાળો. આપણે ઋણી હોઈએ છીએ–હવાની પ્રત્યેક લહરના, જળના પ્રત્યેક બુંદના, તેજની પ્રત્યેક લકીરના, આકાશી તત્ત્વના, માટીના, ધરતીના એકેએક કણના, એક સાથે અનેકનું હોવું. પંચમહાભૂતનું હોવું એ આપણું being (અસ્તિત્વ) છે, બંધારણ છે. પણ આ સ્થૂળ બંધારણને પાછળ (આગળ–પાછળ નહિ, સર્વત્ર) વીંટીને એક અંતસ્તલ છે, એનું અસ્તિત્વ એ ભાવવિશ્વ નિર્ભર છે સંબંધો પર!

(એ સંબંધો આપણા અંતરતત્ત્વને જીવતું–ધબકતું રાખે છે.)

સંબંધો જીવનની સાચી સંપદા છે. બેન્ક ડિપોઝિટો કરતાં વધુ સુરક્ષિતતા એ સંબંધોમાં છે. આવા એકાદ સાચા સંબંધની મહેક આપણા જીવનમાં હોય તોય જીવન રમ્યાતિરમ્ય લાગે છે. પણ એવો સંબંધ પણ દુર્લભ છે.

(સૌથી વધુ તો) વ્યવહારના સ્તરપર, જીવનની સપાટીપર તો ઘણા સંબંધો ઉદ્‌ભવે છે. વિલય પામે છે. બુદ્‌બુદોની જેમ! પણ સત્ત્વમાં સાથીદાર બને એવા આંતરસંબંધ વિરલ જે આપણા



અંતરતમને લીલુંછમ રાખે. એવો જો સંબંધ સિદ્ધ થાય તો પછી એમાં મળવા–છૂટા પડવાનું નથી હોતું. એને દૂર નજીકપણું નથી હોતું. એમાં બનવા–તૂટવાનું નથી હોતું. એ હોય એટલે હોય જ. એને ભૂતકાળ નથી હોતો, ભવિષ્યની ચિંતા નથી હોતી. એ સદા જીવંત–તાજો–નિત્યનૂતન સાંપ્રત હોય છે, એમાં શાશ્વતીનો ધબકાર હોય છે. એમાં કોઇ લેવડદેવડ નથી હોતી. કોઈ સ્થૂળ આલંબન પર એ આધારિત નથી. કેવળ સ્થિરતા, સતતતા, તાજગી એનું સ્વરૂપ હોય છે.

('આપો–આપો'નો જ ભાવ એમાં ગૂંજતો હોય. ખરચાઇ જવું, લૂંટાવી દેવું એમાં જ લ્હાણ–કૃતકૃત્યતા! કૃતાર્થતા! આપતાં ધરપત જ ન થાય. ઓછું જ પડે. ભાવયજ્ઞમાં સદા સમિધ બની સર્વસ્વ સમર્પી દેવાનો ભાવ રહે.)

આવો સંબંધ સરવર નહિ, કિનારાબદ્ધ સરિતા નહિ, અપાર, અસીમ સાગર જ હોય, સરવર છલકાય, સૂકાય, સાગરને જળની કમીના કદી ન હોય. અખૂટ જળરાશિ એનો વૈભવ.

(સંબંધ–મુક્તિનું દ્વાર બને. આપણને સઘળી સંકીર્ણતામાંથી બહાર કાઢે. બંધનમાં મુક્તિનો અનુભવ કરાવે.

'સંબંધોના સરોવર' વિશિષ્ટ, આત્મીય, પ્રિય, અનોખા મનુષ્યસંબંધની મહેક.)

માતા–પિતા, ભાઇ–બહેનો, શિક્ષકો, અધ્યાપકો, મિત્રોનો ભરપૂર પ્રેમ પામ્યા પછી આવ્યું પર્વ સંત–સંનિધિનું! (શ્રી રમણ મહર્ષિને પામી એમના વિષયક પુસ્તકોથી, એમના પુસ્તકોથી વિશેષ! ઊંડો, સૂક્ષ્મ ચેતનાસંબંધ. હરપળનો સતત વહેતો આંતરસંબંધ, ચેતના સાથેનો અનુબંધ, સમરસતા. એમાં આવી મળ્યો

વિમલચેતના નાતો. એ ય પુસ્તકો દ્વારા સાંપડયો, પણ પ્રત્યક્ષ મુલાકાત–દર્શનથી વધારે ગાઢ બન્યો.

બહિર્જગતમાં રહેવા છતાં, ઘર–વ્યવસાયમાં ગળાડૂબ છતાં, પ્રેમરત છતાં કોઇક આંતરપ્રવાહ સદા–સતત–અનવરત અંદર ને અંદર ભીતર ખેંચતો રહ્યો, એની ભાવસમૃદ્ધિની છોળોથી ભીંજાતા એ 'સંબંધસરોવર'માં એક 'સરોજ' ખીલેલું જોયું. 'મા' સર્વેશ્વરીરૂપે એ સાંપડયું.

સાધક જ્યારે જીવવા માંડે છે ત્યારે સંતોની અમૃતગંગાના સ્પંદનો એને મળવા દોડી આવે છે.

The self manifests exterenally as Guru when occasion arises, the otherwise He is always within doing needful.

('હરિવર મુજને હરી ગયો.' આ એક જ પંક્તિમાં પરિચય આપી શકાય એવો સંબંધ 'મા' સર્વેશ્વરી સાથેનો! એ ય પરિણામ 'દીપસે દીપ જલ્યાનું.')

દસ–બાર વર્ષથી શ્રી રમણ મહર્ષિ સાથે ચેતના સાથે સમરસ રહેવાતું હતું, એમાંથી પ્રગટયાં પુસ્તકો. એ પહોંચ્યાં 'મા' પાસે. પહોંચાડયાં મારી એકવારની તેજસ્વી વિદ્યાર્થીની આજની અધ્યાપિકાએ અરુણાબહેને! એ વાંચી 'મા'એ મને મળવાની ઇચ્છા દર્શાવી. અરુણાબેને મને આગ્રહભર્યા ફોન કર્યા, પણ જવાનું બન્યું નહિ. પછી એકવાર તો અરુણાબેન કાયનેટિક લઇને સીધાં ઘરે જ આવ્યાં, આવીને કહે, 'ચલો! જે સંતને મળવા મહિનાઓ રાહ જોવી પડે એ સંત તમને સામેથી બોલાવે છે, સ્મરે છે. તમે બહુ સુભાગી છો. તમારે આવવું જ પડશે.'



અને હું અમદાવાદમાં નારણપુરા 'સત્યપથ' નિવાસી પૂ. મા પાસે ગઇ. રવિવાર હતો, સત્સંગ હતો, બધા માને પ્રણામ કરી કરી વિદાય લેતાં હતાં. હું પણ પહોંચી, પ્રણામ કર્યા, માએ અરુણાબેનને મને બેસાડવા સંકેત કર્યો. પછી સ્લેટપર લખ્યું.' અરુણાચલના સંત શ્રી ર. મ.' પુસ્તક વાંચ્યું, એમને મળવા ઝંખતાં હતાં. તમારું સ્મરણ કરતાં હતાં.' અરુણાચલ ગયાં છો? મહર્ષિની તપોભૂમિનાં દર્શન કર્યાં છે? મેં કહ્યું 'ના.' તો કહે, 'કરવાં જ જોઇએ.' એ તમારી રાહ જુએ છે.' મેં કહ્યું મા હજી સુધી તો જવાની ઇચ્છા કદી થઇ નથી. મા કહે એ પ્રતીક્ષા કરે છે, તમારે જવું જ જોઇએ.

આમ પહેલી જ મુલાકાતે માએ મહર્ષિની ભૂમિ જોવા અનુરોધ કર્યો. એ સિવાય કોઇ વાત નહિ. અને પછી નાનકડી માળા, ફૂલો–પ્રસાદ આપ્યાં.

પછી બે–ત્રણ દિવસે માએ ફોન કરાવ્યો, 'સત્યપથ તમને સ્મરે છે ક્યારે દર્શન આપો છો?' મા પાસે ગઇ ફરી એ જ વાત, 'અરુણાચલ જવા ક્યારે વિચાર્યું? જુઓ, મહર્ષિ તમારી આતુરતાથી રાહ જુએ છે.' એમ કહી મારી પાછળ સત્યપથ રહેલું શ્રી રમણ મહર્ષિનો ફોટોગ્રાફ. મા ફોટાને (સ્વરૂપ કહે–કહેવાનો આગ્રહ રાખે) બતાવ્યો.

પછી તો માને નિયમિત મળવાનો સિલસિલો શરૂ થઇ ગયો! એમની પાસે કલાક–બે કલાક–ત્રણ કલાક બેસું એક જ વાત શ્રી રમણ મહર્ષિની! એ સિવાય કોઇ ટોપિક નહીં. મહર્ષિ અંગેનું કાંઇ પણ પુસ્તક હોય, સ્વરૂપ હોય, ઓડિયોકેસેટ હોય, વિડિયો કેસેટ હોય–કંઇ પણ એમની પાસે જેવું આવે, તરત જ મને મોકલાવી

દે. રમણાશ્રમ અંગેની કોઇ પણ માહિતી મળતાં જ મા મને આપે. આ ક્રમ લગભગ એક વર્ષ ચાલ્યો.

ત્યાં આવ્યો અધ્યાપકો માટેનો 'રિફ્રેશર કોર્સ.' અમારે ગુજરાતીના અધ્યાપકોને રાજકોટ અથવા સુરત જવાનું હતું. કોલેજ અને ઘર સિવાય ક્યાંય કદી ગયેલી નહિ, જવાની ઇચ્છા જ ન થાય. અને ૩૫ વર્ષના અધ્યાપન પછી આ કોર્સ માટે જવાનું આવ્યું. મેં માને કહ્યું કેવળ ઇન્ક્રીમેન્ટ અટકવાની વાત હોય, દોઢ–બે લાખ ગુમાવવા પડે તો મારી તૈયારી છે. સૈદ્ધાન્તિક તેમ જ માનસિક બંને રીતે, મારે આ કોર્સમાં નથી જવું. પણ બધા હિસાબ કાઢી કહે છે, પાંચેક લાખનું નુકસાન થાય, અર્થાત્ વર્ષો રળેલું બધું જ આપી દેવું પડે. એ તો મૂર્ખામી કહેવાય. મા કહે પાંચ લાખ મા આપી દેશે. આપણે ક્યાંય જવું નથી. મહર્ષિનું નામ–કામ કરો.'

માના આ પ્રસ્તાવે મને આખી રાત ઊંઘવા ન દીધી. યુનિવર્સિટીના સત્તાવાળા, કોલેજના કોઇ (આચાર્ય) વડા, મુરબ્બીઓ આ પ્રશ્ન ઉકેલવા આગળ ન આવ્યા ને માએ આવી તૈયારી બતાવી અને તે ય મારો હજી માને પૂરો પરિચય પણ નથી. આવો પ્રેમ, આટલો ભાવ, મારા જેવા મામૂલી જીવ માટે! અને બીજે દિવસે માને મળતાં મેં કહ્યું, મા સ્વાર્થે તો મારો પહેલો છે પણ મારી સાથે ૧૫૦–૨૦૦ અધ્યાપકોનું કલ્યાણ થાય. જો તમારું ટ્રસ્ટ અમને રૂ. ૩૦ હજાર આપે. માએ તરત જ સર્વમંગલ ટ્રસ્ટમાંથી ચેક મંગાવી દીધો, અમે કુલપતિને મળ્યાં અને બહારગામ નિર્ધારિત કોર્સ (જે સોમવારથી શરૂ થવાનો હતો) શનિવારે અમદાવાદ યોજવાનો નિર્ણય થઇ ગયો!

પછી મેલેરિયા થતાં 'લારિયાગો'ની આડ અસર (Side–



effect) ના થઇ. અઠવાડિયાની રજા પડશે એવું લાગતું હતું, ત્રણ દિવસમાં Normal થઇ જવાયું.

ઓક્ટો.–નવે.માં કોર્સ પૂરો થયો. ડિસેમ્બરમાં માએ એકવાર સત્યપથમાં પૂછ્યું, 'અરુણાચલ ક્યારે જવું છે?' મારા પતિ યશવંત કહે મા કહે ત્યારે? ને માએ કહ્યું, 'હું, તમે, અરુણાબેન છીએ, ચોથાને શોધી કાઢીએ. તરલાબેનને ટીંગાટોળી કરી લઇ જઇશું.' હવે તો આનાકાનીનો પ્રશ્ન જ ન રહ્યો! માએ દસ જણને તૈયાર કરી, અરુણાચલની યાત્રાનું આયોજન કરી દીધું. અમદાવાદથી મુંબઇ, મુંબઇથી ચેન્નઇ પ્લેન અને ચેન્નઇથી ટેક્ષીની વ્યવસ્થા કરાવી દીધી. કહે, રાજકુમારીને પહેલીવાર લઇ જવાનાં છે એટલે શાહી વ્યવસ્થા. મહર્ષિની કેવી કૃપા! પોતે કૌપીન પહેરે આપણને બોલાવવા આવું આયોજન કરે.

અરુણાચલની એ 'રમણ પ્રણામ યાત્રા' અદ્‌ભુત આનંદ-યાત્રા બની ગઇ. માએ એ દ્વારા એવી બેટરી ચાર્જ કરી આપી કે, જીવનનો સમસ્ત અભિગમ બદલાઇ ગયો. યાત્રાના એ માની સંનિધિના ચાર દિવસોએ ભીતરમાં કંઇ એવું રૂપાંતર કરી દીધું.

એ વર્ણવવું શબ્દાતીત છે. કેવળ અનુભૂતિગમ્ય લેખ લખાવ્યો. એક ભિક્ષુક મહર્ષિના રાજવંશી ભક્તના પ્રસાદની રાહ જોતો ઊભો છે' કહી, મેં કહ્યું, જેના ભિક્ષાના ટુકડા પર અમે નભીએ છીએ, એને દાન આપવાનું ઐશ્વર્ય અર્પે ઐશ્વર્યમયી મા!

મા જે સ્વયં તીર્થ છે, એમણે એક રમણભક્તના કલ્યાણઅર્થે તીર્થયાત્રાનું સ્વયં પધારી આયોજન કર્યું. આવા સંત ન ભૂતો ન ભવિષ્યતિ! અહમાચલથી અરુણાચલ લેખ લખાયો, સાથે જ અરુણાચલ માહાત્મ્ય લખાયું.

ત્યાર બાદ કહે, 'ભારતમાં રહો, ભારતીય હો અને ગંગાદર્શન ન કરો. એ ચાલે જ નહિ.' હરિદ્વાર જઇ આવેલા અનેકને મારી આગળ હરિદ્વારની–ગંગાની વાતો કરવા કહે અને એમ કરતાં કરતાં મેં મહિનામાં ગંગાદર્શન હરિદ્વારનો કાર્યક્રમ પણ યોજી દીધો. એ પાંચ દિવસ દરમ્યાનનો મારો આનંદ અનુભવી નિહાળી–નિહાળી મા અત્યંત પ્રસન્ન થાય. ગંગાનો જળરાશિ અને માનો છલકતો પ્રેમનું બેવડું સાન્નિધ્ય જીવનની અનેરી સંપદા બની ગયાં છે.

પછી 'સ્વર્ગારોહણ' અંબાજીમાં જ્યાં માના ગુરુ પ્રભુશ્રી યોગીશ્વરજીની સ્મૃતિઅર્ચના માટે માએ એક અભૂતપૂર્વ 'યોગ-તીર્થ' રચ્યું છે. ત્યાંના કણેકણમાં માનો સ્નેહ–સ્વાર્પણની જીવતી તસ્વીર છે. નિષ્ઠા અનન્ય, બેનમૂન સ્વાર્પણ અને નિતાન્ત પ્રેમનો એ ભૂમિપર સતત અનવરત અભિષેક થતો. અત્યારે પણ જોવા મળે. પોતાના અસ્તિત્વની–જીવનની પળેપળ ગુરુની પુણ્યસ્મૃતિ જીવંત રાખવા જ ખર્ચવાની એકમાત્ર ધૂન–લગન! એ સમર્પણ-યજ્ઞમાં–સ્મૃતિયજ્ઞમાં સમિધ બનવાનું ગૌરવ સર્વને અર્પે છે.

ત્યાં હમણાં જ મેમાં 'અરુણાચલ સમાહ બેસાડયું.

૧૪ મી ઓગસ્ટ–અધ્યાત્મની અગ્નિશિક્ષા વિમલાઠકાર વિશે વ્યાખ્યાન કરાવ્યું. ૧૫ મી ઓગસ્ટે પૂજ્ય શ્રી યોગેશ્વરજીની જન્મ-જયંતી હતી અને એ નિમિત્તે ગુજરાતભરમાંથી મુંબઈથી પણ ઘણા ભક્તો એકત્રિત થયેલા. મારાથી અવિનય થઇ ગયો, પાછા ફરવાનો આગલી રાતે માએ અનુમતિ ન આપી. આવવાની ગાડી-માં અમારા બધાના મસ્તકે ગોળ ફરી એક વરદ હસ્ત મૂક્યો. પણ સંમતિ નહોતી. રસ્તામાં ગાડીને અકસ્માત્ થયો. એક ગર્દભસેને ગાડીનો બધો આંચકો ઝીલી ન લીધો હોત તો અમે બધા ફેંકાઇ



જાત! માએ એના માટે માળા કરવાની કહી. માનો સંકેત અમે સમજી ન શક્યા. (સંતો પાસે દૂરદર્શનની શક્તિ હોય છે.)

હમણાં મેમાં ચારેક દિવસ માટે સ્વર્ગારોહણ ગયેલાં. ત્યાં યોગતીર્થમાં શ્રી યોગેશ્વરજીના સ્વરૂપો નીચે શીર્ષક પરિચયાત્મક પંડિત જેવું કંઇક મૂકવાનું હતું. અરુણાબેન પૂ. યોગેશ્વરજી પરડી પી. એચ. ડી. થયાં છે એટલે વિગતો એમની પાસે, સાથે મળી ગોઠવીએ, રોજ સાંજે ૬ વાગે મા પધારે વાંચે, જુએ, નક્કી કરે અને અતિ આનંદ આવે. વચ્ચે–વચ્ચે મા ફળ, જ્યૂસ, મોકલાવે. રાત્રે સત્સંગમાં માએ જાહેર કર્યું 'આપણે અરુણાચલ સમાહ' બેસાડવાની છે. મેં શ્રી રમણ મહર્ષિની 'અરુણાચલ સ્તુતિ' ગદ્યમાં સમજૂતી સાથે તૈયાર કરી, એની હસ્તપ્રત માને સમર્પવા અંબાજી આવી હતી. માએ એટલા પ્રેમથી, એવા ભાવથી આ કહ્યું કે, મારે સમાહ રોકાઇ જ જવું પડયું અને રોજ અરુણાચલ-સ્તુતિના થોડા થોડા શ્લોક વાંચ્યા.

૧૦૮ શ્લોકની એ કૃતિ માટે માએ કહ્યું તરલાબહેન રોજ બે કે ત્રણ જ શ્લોક વાંચે જેથી એમને અહીં વધારે રોકાવું પડે.

છેલ્લે એમ લાગ્યું કે, સમાહમાં ય પૂરી કૃતિ નહિ થાય ત્યારે કહે, 'અધૂરું રાખીને જ જાઓ' એટલે જલ્દી અવાય. મેં કહ્યું, 'બીજા નિમિત્તે ફરી અહીં આવું એવા આશીર્વાદ આપો પણ આ નિર્ધારિત કામ assignment પૂરું કરવા દો.'

ત્યારે કૃપાળુ માએ બીજા દિવસે સવારે ખાસ આયોજન કરાવી ૧૦૮ શ્લોકોની પૂર્ણાહુતિ કરાવી અને વાજતેગાજતે સન્માન કર્યું. ભાવભીની વિદાય આપી. અને તે ય કેટલી બધી ભેટસામગ્રીથી એમ કહીને કે, 'દીકરી સાસરે જાય ત્યારે માએ પૂરી–વડાં આપવાં પડે.' માનું એક જ લક્ષ્ય 'આપો, આપો ને બસ આપો! આપતાં ધરવ થાય જ નહિ.'

મા પ્રત્યક્ષ તો પ્રેમ લૂંટાવે, પરોક્ષ ફોનપર પણ પ્રેમસંદેશ, પાઠવે. મુંબઇ હોય કે રાજકોટ, જયપુર હોય કે મોરબી, લોસ એન્જલસ હોય કે ન્યૂજરસી, મા કેટલીયવાર ફોનદ્વારા પ્રેમ વરસાવે. અંબાજીથી તો અકસર સવારે સ્મરણ કરે અને આપણા ઉદ્વેગને એક શબ્દથી ખંખેરી નાંખે.

મારી સખીને જીવલેણ માંદગી આવતાં 'જીવન ક્ષણભંગુર છે. જગતમાં તમારી બહેનપણી જેવા કરોડો દુઃખી છે એ સર્વ માટે પ્રાર્થના કરો.' એમ વારંવાર કહી આપણને સંકીર્ણ કરી દેતા દુઃખમાંથી બહાર કાઢી આપણી ચેતનાને વધારે વિશાળ બનાવે. વેદનાને ઓગાળતા, આત્મસાત્ કરતાં શીખવે. અને ક્યારેક તો તાજી રચેલ પંક્તિઓ સંભળાવી આશ્વાસન આપે જેમ કે,

'રક્ષા કરો, રક્ષા કરો હે સમર્થ સ્વામી!
રક્ષા કરો, રક્ષા કરો હે સર્વેશ્વરી–સ્વામી,
સ્થિર કરો, સ્થિર કરો શ્રી ચરણ માંહી.'

અને

'નમન હો પ્રાણપ્રિય તમને
દઇ દર્શન કૃપા કરજો,
સતત પડખે ઊભા રહેજો.'

અને આપણને અનોખું બળ, શક્તિ એમાંથી પ્રાપ્ત થાય.

આપણે ફોન કરીએ તો સાંભળવાની સમજાવવાની કરુણા દર્શાવે પણ આવા સામેથી ફોન કરનારા સંતનો આ પૃથ્વીપર જોટો મળવો અઘરો છે.

વળી ફોન કરે એટલે આપણું ઉદ્વિગ્ન મન પૂરેપૂરું શાંત ન થાય ત્યાંસુધી જંપે નહિ. ફોનપર દમયંતીબેન કે મેનાબહેના મીઠાસ્વરે આખેઆખું પદ સંભળાવે. ફોનપર જો વિહ્વળતા પ્રગટી જાય કે રડી પડાય તો દસેક મિનિટ પછી ફરી ફોન જોડી, શબ્દો દોહરાવે અને આપણી વેદનાને નિર્મૂળ કરીને જ જંપે. સાચે જ આવી કરુણા, આવો પ્રબળ પરમ પ્રેમ આપણું સદા મંગલ જ કરે.



આપણે ફોન કરીએ–પત્ર લખીએ. સ્નેહસંવાદ થાય તો બહુ પ્રેમથી કહે : 'હે તરલામાઇ! જાતને પૂછો, વારંવાર પૂછો કે તમને આ ભોટ મામાં શું એવું દેખાયું છે કે તમે આવાં અંધશ્રદ્ધાળુ બની ગયાં છો! કમળો થઇ ગયો હોય તો ડોક્ટરને બતાવો. જો જો ગુરુનામનો ક્યાંય અવરોધ ન થાય.'

નિત્યસ્મરણમાં રહેતાં, પ્રાતઃકાળે સ્મરણમાં આવનાર તરલાજી! અને જ્યારે મેં અંબાજીમાં એકવાર માને કહ્યું, 'તમે તો પ્રેમ વરસાવો જ છો પણ તમારા ભક્તો પણ બહુ પ્રેમ રાખે છે. આ મામૂલી જીવપર! બડે મિયાઁ તો બડે મિયાઁ, છોટે મિયાઁ શુભાન્નલ્લા! તો મા કહે એનાં બે કારણો છે : 'એક તો તમને મા ગમે છે અને બીજું કારણ માને તમે ગમો છો.'

ઘરમાં કોઈની પણ માંદગી હોય મારી–યશવંતની, બાની, બેન–બનેવીની–ઉદ્વિગ્ન ભાવસ્થિતિ હોય, આશલ–જિગરની નોકરીની ચિંતા હોય તો, મા હંમેશાં ફોન કરાવે. પ્રેમથી પ્રભુશ્રદ્ધા રાખવા કહે અને પગાર પૂરેપૂરો મા મોકલાવશે. નોકરીની વળી ચિંતા શું કરવાની? ઈશ્વર કરતાં શું તમે મોટાં છો કે ચિંતા લઈને ફરો છો? સોંપી દો સઘળું એને, એને ફિકર કરવા દો. કહી હળવાશ અને પ્રસન્નતા રેલાવે.

સહજભાવે અનાયાસે શક્ય એટલી તમામ પ્રકારની મદદ

ભક્તને કરવી અને એને શારીરિક માનસિક પીડા કે આર્થિક મૂંઝવણમાંથી બહાર કાઢી લેવા મા સદા તત્પર રહે. ભક્તનો પ્રત્યેક પ્રશ્ન, પ્રત્યેક સમસ્યાને મા અંગીકાર કરી લે, ભક્તને મુક્ત કરી દે.

પ્રભુને સઘળું સોંપી દો. એની ય જવાબદારી એને અદા કરવા દો. 'આપણે શું? એને જે કરવું હોય તે કરાવશે.

'દરેક સંબંધ મુક્તિનું દ્વાર છે' ચિત્તમાં ગ્રંથિ બાંધ્યા વગર સંબંધોમાંથી પસાર થવું એ જ કર્મનિર્જરાનો એક માત્ર માર્ગ જણાય છે. જીવવા માટે મા આપણી અંતઃશક્તિને ઉજાગર કરી અટકી નથી જતાં પણ ધીરે ધીરે અત્યંત પ્રેમ અને અનન્ય ધીરજથી એને વધુ ને વધુ પ્રજ્વલિત કરવા કોશિશ કરે છે. અપાર ધીરજ–સ્નેહથી અસ્થિર વાટ સંકોરતાં સંકોરતાં જિજ્ઞાસુને સાધનામાર્ગે સ્થિર કરવા પ્રયત્નશીલ રહે છે.

સતત–અનવરત આપણને આંતરજગતમાં રમમાણ રાખવા આપણી આત્મશ્રદ્ધાબઢાવવાના યજ્ઞમાં ઓતપ્રોત બની જાય છે. ભક્તમાં સહેજ જિજ્ઞાસા જણાતાં એને ભક્તિમાર્ગે તેઓ ખેંચી લે છે.

'તોરે મોરે નાતે અનેક'ની જેમ માતા, ગુરુ અથવા એકમાં સર્વ વણાયેલા. એ કોઇની શ્રદ્ધામાં ખલેલ નથી પહોંચાડતા પણ સમર્પણ–શરણાગતિપર ભાર મૂકવાનું ચૂકતાં નથી.

માનો બોધ શાસ્ત્રનિર્ભર, શાસ્ત્રાભ્યાસનું નિર્માણ નથી, અનુભવજન્ય છે.

માએ કચ્છના ધરતીકંપ વખતે ભુજ, મોરબી, ભચાઉ રૂબરૂ જઇ જે રાહતકાર્ય કર્યું–કરાવ્યું એ વિરક્ત સંતના (જગત



અનુરક્ત ચિત્તનું) સહજ માનવઅનુરક્તિનું અનન્ય ઉદાહરણ હતું. ધરતીકંપના એક જ સપ્તાહમાં ૨૪ ટેન્ટમાં સ્કૂલો ઊભી કરી અને પછી પાકી સ્કૂલો બનાવડાવી. ધાબળા, વસ્ત્રો, દફ્તર, ચોપડીઓ, ખાદ્યપદાર્થો ઘરો ઊભાં કરવા આર્થિક મદદનો આખો એક સિલસિલો ઊભો કર્યો. વિદેશી ભક્તોએ દાનનો એવો ધોધ વરસાવ્યો–આ પુણ્યકાર્ય માટે કે માને કેટલાંકને તો નારાજ કરવા પડયાં. માનો આગ્રહ એ કે દાન આપનારના પૈસેપૈસાનો હિસાબ એમને આપવાનો. એમણે લગભગ ૫૦ મોટાં આલ્બમ–વિડિયો તૈયાર કરાવી ક્યાં કેટલું–કેવું કામ થયું છે એના દસ્તાવેજો એમને મોકલાવ્યા અને સાથે દરેક ફોટોગ્રાફની નીચે પ્રેરક, માનવતા અનુકંપા જગાડનારી, પંક્તિઓ–શીર્ષકો મારી પાસે લખાવડાવી કોરા હિસાબને સંવેદનભીનાશ અર્પી, એમની સહાય કરવાની ભાવનાનું ઉચિત ગૌરવ કર્યું, ભારતદેશ માટેનો ભાવ અક્ષત રાખ્યો. સાથે માનો સંદેશ આ ધરતીકંપ પ્રભુની વિસર્જનલીલા. આપણે વેદનાને વરદાન ગણી વધાવી લેવી.' આફત સામે પૂરા બળથી ઝૂઝવાનું પણ માનુષી ગૌરવગાનમાં પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યેનો શ્રદ્ધાસૂર ક્યાંય આછો–ઓછો ન થાય, ન થવા દે.

માની હંમેશ એક જ વાત.

હું મા પાસે જ્યારે પણ જાઉં ત્યારે એકત્રિત ભક્તોની સામે મા મને ધરી દે અને કહે 'બોલો? મહર્ષિની વાત કરો. વિમલાજીની વાત કરો. કંઇ પણ કહો. હું માને કહું, અધ્યાપક હોવાનું ગુમાન ઉતારવા, બક બક બંધ કરવા તમારી પાસે આવું છું ને તમે બોલવા કહો છો. તો મા કહે 'જેને જેને જે જે વિશેષતા પ્રભુએ આપી છે તેણે તેણે રોજેરોજ ઉપયોગ કરીને પ્રભુના ઋણમાંથી મુક્ત થવું.'

હું ઘણીવાર માને કહું 'હવે મારે બોલવું–લખવું નથી. શાન્ત

બેસવું છે. મા કહે મહર્ષિએ તમારી કલમે પ્રગટ થવું પસંદ કર્યું. આખા ગુજરાતમાં તમારી વરણી કરી તો ગુરુઋણમાંથી મુક્ત થવું–લખી લખી, એ લખાવશે એની મરજી! આપણે આડે બંધ શા માટે કરવો?

યુનિવર્સિટી લેક્ચર માના સર્વમંગલ ટ્રસ્ટે યોજ્યું. એમાંય માએ મને શ્રી રમણ મહર્ષિ માટે બોલવા કહ્યું, એમ કહીને કે, 'આ આગ્રહ તમને સત્યપથમાં સાંભળનાર ટ્રસ્ટી શ્રી બાબુભાઇ અને અન્ય ભક્તોનો છે. માની પાસે એ લોકો જ નામ લઇને આવ્યા છે.' મેં આનાકાની કરી તો કહે 'મહર્ષિ જ બોલશે ને મહર્ષિ જ સાંભળશે, આપણે શું?'

હમણાં–હમણાં તો મા મને વારંવાર પ્રશ્ન કરે છે? 'તમને મામાં–સર્વેશ્વરીમાં અંધશ્રદ્ધા કેમ થઇ ગઇ છે? હું એક જ વાત કરું છું. મા શ્રદ્ધાનો વિકલ્પ નથી. શ્રદ્ધાનું કારણ શ્રદ્ધા. મને સો ટકા પ્રતીતિ થઇ ગઇ છે કે તમે મારા આત્મકલ્યાણ માટે સદા મથો છો, એ કરીને જ જંપશો. મારા અહમ્‌નું વિસર્જન કરવા મથતા તમારામાં મને શ્રદ્ધા કેમ ન હોય? એટલે પદ ગવડાવ્યું. એમનાં ભક્ત દમયંતીબહેન પાસે 'જેના જીવનમાં શ્રદ્ધા જાગી.'

હરિ સાચવે તેને હેત ધરી,
કદી સંસારે તમે કંટાળો,
સોંપી દો એને સઘળી જંજાળો.

પૂજ્યશ્રીની જેમ તમે પણ અધ્યાત્મને અડધે રસ્તે મળ્યાં. ડિસેમ્બરમાં ૭૫% અહમ્ તો નિર્મૂળ થઇ ગયું છે. પતિ અનુકૂળ, પુત્રી અનુકૂળ બધું સુખ છતાં તમારું મન મહર્ષિચરણમાં વીંટળાયેલું, અમને એથી જ તમે પ્રિય છો. સખી છો, પૂર્વજન્મની સખી પાછી મળી.



હમણાં ૨૩ મી જૂને અંબાજીથી ફોન કરાવ્યો. અરુણાબેન પાસે પૂછાવ્યું, અમને રોજ તમારે માટે આશ્ચર્ય થાય છે કે આ તરલામાઇ સર્વેશ્વરીમાં શું જોઇ ગયાં છે? ચિત્તભ્રમ તો નથી થયો ને? કમળો હોય તો સારા ડોક્ટરને બતાવો.

તમે ત્રણ વાર જાતને પૂછો–
આ સર્વેશ્વરીમાં હું જે કંઇ જોઉં છું એ ભ્રાન્તિ છે?

આ ગુણ ક્રાન્તિ કરે એવું છે?

એ પરમ શાન્તિ ધરે છે!

મેં કહ્યું મા તમારાથી દૂર હોઉં તો ક્રાન્તિ અનુભવું છું શાન્તિ માટે તમારી પાસે તમારી સંનિધિમાં આવવું પડે.

'નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું એવી વિચારધારાવાળી વ્યક્તિએ કેવડી મોટી ભૂલ કરી છે?

સાચે જ આ માથું કદી નમ્યું નથી, નાનપણથી ઝૂકે નહિ પર્વતોની આગળ આ શિર અણનમ રહ્યું છે પણ જ્યાં કોઇની પાંપણ ઝૂકી, ઝૂકી ઝૂકી ગયો છું. કોઇ આગળ પણ મા આગળ અહમ્ લોપ એવો થઇ ગયો લાગે છે, એમાંથી એટલું બધું પ્રાપ્ત થયું લાગે છે કે, 'એ મસ્તક હવે હંમેશા એમના ચરણોમાં રહે. એવો સ્નેહભાવ દૃઢ થયો છે. 'જ્યારે જ્યારે ચરણમાં ઝૂક્યો છું ત્યારે આસમાને જઇ ચડયો છું'

ફોનને આ છેડે મારી આ ભાવાનુભૂતિનો પ્રતિઘોષ હોય એમ મા કહે છે, 'તમે ખૂબ યાદ આવો ત્યારે મા તમારી કોલેજનું મેગેઝિન જોઇ લે છે.' મેં કહ્યું મા નિશદિન તમારું સ્મરણ રહે છે, પણ તમારી પાસે દોડી નથી અવાતું, હજી અહમ્ નડે છે.' મા કહે 'તમે દૂર રહીને પણ અદ્‌ભુત રીતે મા સંનિધિ માણતાં થઇ ગયાં છો'

અહીં આવવું તમારે માટે જરૂરી નહિ હોય. દૂર રહીને પણ પાત્રતા હોય તો પામી શકાય. પ્રત્યક્ષ સુખની શું જરૂર? મહર્ષિની યોજના પ્રમાણે ચાલી રહ્યું છે બધું–'ભરાવ્યું ડગલું ભરે.'

'શ્રદ્ધા માણસમાં રહેલા દેવત્વને જાગૃત કરે છે'–આ વિવેકાનંદ વચન વાંચતી હતી ને માનો ફોન આવ્યો–આંખોમાંથી આંસુ વહે છે–માનો અપાર પ્રેમ, અનહદ કરુણા અહમ્ પિગાળે છે ગંગાસ્નાનની પવિત્રતા.

'આત્મગંગામાં ઝબોળે છે'

શીતળ, શાન્ત, પુનિત કરે છે!!!

**સ્વર્ગારોહણની પ્રસાદી**

'પ્રેમબોધની ગઠરી' એક પ્રસંગ નિમિત્તે સર્વને બંધાવી :

* કીડી સરખી પણ આસક્તિ ન રાખો.

* જ્યાં રાગ જુઓ ત્યાં દીવાસળી ચાંપતા રહો.

* મોહ ફ્લશ થઈ જવા દો.

* પ્રભુએ અનુકૂળતા કરી આપી છે તો લક્ષ્ય સ્થિર રાખો, ફ્લેગસ્ટેશને ઊતરી ન પડો.

* સંસારી સંબંધોની અસારતા જાણ્યા પછી એમાં ન પડો.

* પ્રેમ કરો પણ બંધાઓ નહિ, બાંધો નહિ.

* ક્યાંય અટકવાનું નહિ, ગુરુમાં પણ નહિ, નહિ તો વિકાસ રુંધાઈ જશે.

* મમત્વ, આસક્તિ, રાગ, મોહ બધું ત્યજી કેવળ પ્રભુચરણે રહો, કેવળ પ્રભુનાં થઈને રહો.

* જેટલું ઈશ્વર આપે એટલું સામે ધરવાનું ઋણ પણ વધતું જાય.

* પ્રભુ કહે છે અમને જીવાડવા હોય તો અમને પ્રેમ કરજો.



હે સર્વેશ્વરી, મા સર્વેશ્વરી,
વિનંતિ સુણો મા ફરી ફરી,
ભરમ મિટાવો
ઋણાનુબંધે ભેળાં મળ્યાં તો
સાચા સ્વરૂપે પ્રગટો જરી.
ભીષણ ભવના દાવાનળે
વરસો અનરાધાર અમો પર
વિલંબ શાને કરો?

'શું શું આપી દઉં?' હંમેશનો માનો પ્રશ્ન અધિકારી થઈએ, પાત્રતા વધે આપના પ્રેમ માટે એવા આશીર્વાદ આપો.

ચંદન–સુગંધ આપે એ એને માટે સ્વાભાવિક છે.

મા અમને અપરાધોમાંથી મુક્ત કરો, ગુમાનની ગાંસડી ઉતારી, ખામી કહો. પ્રેમ શુદ્ધ–અંધશ્રદ્ધામાં અટવાવા ન દે.

હે પંખીડાંઓ! અમારી આસપાસ કાયમ ઊડતાં રહેજો,
આનંદથી–મસ્તીથી તમે સૌ આસપાસ ઊડતાં રહેજો,
પાંખો આપી આંખો આપી દૃષ્ટિ આપજો.

માને સૌ જોયા કરે, માણ્યા કરે, પાસેથી–દૂરથી, બધાં માની નજીક છે, કોઈ સ્પેશિયલ નથી. સૌ એકસરખાં સમાન છે. પ્રારબ્ધ કદાચ દૂર રાખે. માને જગતમાંથી શું લેવાનું છે? સર્વ કલ્યાણ એ જ હેતુ માના દરબારમાં આપનાર–લેનારનો અભેદ સર્જવા મા બેઠાં છે.

'વરદ હસ્ત પ્રભુ તમારો,
સદાય રહેજો જીવન સહારો.

મા એકવાર અચાનક રાત્રે ૧૦–૩૦ વાગે ઘરે પધાર્યાં–વાત

થઇ હતી એના એક દિવસ પહેલાં આવી સોફા પર બેસી ગયાં! મંદિર લઇ આવેલાં.

### કેવળ પ્રેમધર્મી મા

મા અનિકેત છે, કોઇ કાયમી સરનામું નથી. પણ સદા વસે છે–ગુરુઅર્ચનામાં. ગુરુને જીવાડવા જ જીવે છે. શ્રી યોગેશ્વરજીનો ચૈતન્યપ્રસાર એ જ એકમાત્ર હેતુ. સંપૂર્ણ અહમ્‌વિલય. મનોલય નહિ મનોનાશ છતાં સાથે બધા જ ધર્મો–સંતો–સત્ત્વ માટે સમાદર, સમાનભાવ.

કોઇ ધર્મ સ્થાપ્યો નથી, કોઇ સંપ્રદાય ઊભો કર્યો નથી. કેવળ ગુરુનામ ગુરુનું કામ! એ પણ એમના અંગત ધર્મ–અધ્યાત્મ કોઇ પર કશું જ impose નહિ જ કરવાનું. સદા મુક્તિદાયિની, બંધનમુક્ત રાખે એવો નિશ્ચલ પ્રેમ.

કેવળ પ્રેમધન. ગુરુ માટે સમર્પણ, જગત સમગ્ર માટે સ્નેહ. આ જ એમના શ્વાસ–ઉચ્છ્વાસ.

પ્રેમથી મોટો કોઇ ચમત્કાર નથી. આ જગમાં એની એક-માત્ર પ્રતીતિ કરાવવા અવતાર લીધો છે.

એકવારનાં સંનિષ્ઠ આચાર્યા (આજે પ્રાચાર્યા બની ગયાં છે.) આજે પણ કડક, શિસ્ત–આગ્રહી, જનોત્કર્ષ માટે સદા ચિંતિત અને સાથે જ અત્યંત માયાળુ! રહ્યાં છે કેવળ સ્કૂલની સાંકડી દીવાલોની સંકીર્ણ જવાબદારી, વિશ્વકલ્યાણ માટે વિસ્તરી છે, પ્રસરી છે.

કપૂરા ગામનું કપૂર, સરોજ–સર્વેશ્વરી, આજે તમે મને પગે પડો છો, કાલે જગત તમને પગે લાગશે. 'સર્વ કોઇ એમને ઓળખી નહિ શકે, જે ઓળખશે એ ધન્ય બની જશે.'



સાધારણતામાં અસાધારણતાનું ઐશ્વર્ય સંગોપી બેઠેલાં શ્વેત-વસ્ત્રાધારિણી, મૌનમૂર્તિ (૧૯૯૫ થી મૌનમાં છે, અનિવાર્ય હોય ત્યાં સ્લેટપર લખે છે) ૧૯૮૫ થી અન્નત્યાગ, ફળાહાર, નિર્જળા, આસનો, પ્રણામ–કઠિન તપસાધનામાં સદા રત. પાર્વતીની યાદ આપે છે.

સાધના સહજ છે, કઠોર પરિશ્રમ એમનો સ્વભાવ છે, ભક્ત–કલ્યાણ એમનો સંકલ્પ નથી, કરવો નથી પડતો એમની ઉપસ્થિતિથી જ એ સધાય છે. મંગળ, શુચિતામૂર્તિને.

'નમન હો પ્રાણપ્રિય તમને,
દઇ દર્શન કૃપા કરજો,
સતત પડખે ઊભાં રહેજો.'

આ આપની સમક્ષ જે શ્વેતવસ્ત્રધારિણ તપસ્વિની બિરાજમાન છે એમનું નામ છે મા સર્વેશ્વરી. જેમણે અહં–મમનાં બધાં આવરણો ખસેડીને પોતાની જાતને જોવાનો પુરુષાર્થ કર્યો છે. એ જોવા પામ્યાં છે કે ભીતર 'જીવનવિભુ' બિરાજે છે. ત્યાં નથી તમે કે નથી અમે. ત્યાં છે સાર્વભૌમ પ્રભુ, સર્વનાથ, સર્વમય, સર્વેશ્વર, સર્વેશ્વરી!

ઈશ્વરનો અર્થ છે–સર્વત્ર વિરાજમાન તત્ત્વ. 'ઈશ્વર' શબ્દ વ્યક્તિવાચક નથી, તત્ત્વવાચક છે.

'ઈશતે રાજતે સર્વત્ર ઈતિ ઈશ્વરઃ'

જગતમાં બે જ છે ભગવાન ને ભક્ત, ગુરુ ને શિષ્ય. ત્રીજું છે જ નહિ.

આની પ્રતીતિ કરાવવા જ જન્મ લીધો છે. માનો પ્રેમ, પિતાની ફિકર, ભાઇની ફરજ, બહેનનું હેત, અધ્યાપકની શિસ્ત.

જીવ પ્રયત્ન કરે–શિવ સફળ બનાવે.

Even when you imagine that some external object has given you the happiness, you are mistaken. What really happened is that unconscicously the object brought you back to your self for an instant, borrowed the happiness and thus presentend to you (The happines came as a shadow to you, why not look to the source, to the self and realize it?)

Real happines abides in self-Knowledge alone. All else is feeting.

જે આત્મતત્ત્વ નથી. એને જીવ શું વળગે? અહમ્ વિલોપન-માં આ સંબંધ સહાયક. બહારનાં જાળાં જાણે ખંખેરાઈ ગયાં. એક અલિપ્ત જીવન જીવવાની તક–હિંમત–શ્રદ્ધા આત્મબળ વધ્યાં. ચાર રસ્તાના થાંભલાની નિશ્ચલતા બક્ષી. 'હું ઊભો છું. તમતમારે જ્યાં જવું હોય ત્યાં, જેટલું જવું હોય તેટલું, જેની સાથે જવું હોય જાઓ. હું ઊભો છું. દૃષ્ટા.'

સંબંધવર્તુળો માનવીને દોડતા અટકાવે. વિઘ્નદોડ જેવા એ સંબંધો–જે પાર કરીને પહોંચાડે, સૌને સલામ! આપણે શું? ફક્ત આપણે પ્રેમના પૂજારી.

ગુરુકૃપાથી પ્રેમનું અંજન મળે. બાકી તો જીવની શી તાકાત. પવિત્ર પ્રેમનું સ્વરૂપ તો ખૂબ દિવ્ય હોય. શિવભાવ ને સાધનામાં સહાયક બને.

[ખ્યાતનામ લેખક શ્રી સુરેશ દલાલ સંપાદિત–તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ "સંબંધોના સંરોવર"માં આ લેખ છપાયો છે.]

પરમહંસદેવે કહ્યું, મહાત્માઓની કસોટી બહારના દેખાવ-પરથી કરવી નહિ. બની શકે તો તેમના હૃદયમાં ડૂબકી મારવી. તેમના હૃદયને ઓળખવા પ્રયાસ કરવો ને તે પરથી તેમના વિષે નિર્ણય કરવો. નહિ તો તેમને નમસ્કાર કરીને રસ્તે પડવું. બાકી પૂરતી તપાસવિના બેત્રણ બાહ્ય વસ્તુઓની મદદથી–તેમને વિષે મત બાંધવો તે અપરાધ છે.

આ સંસારમાં મહાપુરુષોનું મિલન થવું દુર્લભ છે. ને પૂર્વજન્મના સત્કર્મોના ફળરૂપે તેમનું મિલન થઈ જાય તોપણ, તેમને ઓળખવાનું કામ કઠિન છે. તે પોતે જ જ્યાંસુધી કૃપા કરીને પોતાનું રહસ્ય ન ખોલે, ત્યાંસુધી તેમને ઓળખવાનું કામ કપરું છે. આ સંબંધમાં જે વાત ઈશ્વર વિષે કહેવામાં આવી છે, તે સંતોને પણ લાગુ પડે છે. —યોગેશ્વરજી

સૌજન્ય :



# * ગુરુચરણની ધૂળ *

ગુરુચરણની ધૂળ, હું તો ગુરુચરણની ધૂળ!
ઉઘડયું મારું ભાગ્ય મનોહર, ઘડી મળી અણમૂલ!
હું તો ગુરુચરણની ધૂળ!

કંટક કંકર કાંઇ નડે નહીં, બની ગયા જાણે ફૂલ!
વાંકી ચૂકી કેડી દુર્ગમ, બની ગઇ મંજૂલ!
હું તો ગુરુચરણની ધૂળ!

વ્યાકુળ મનડું શાંત બન્યું, હવે થઇ શકશે મશગૂલ!
પ્રેમ પવનથી ઊડતી ઊડતી, ભેટશે જગના મૂળ!
હું તો ગુરુચરણની ધૂળ!

ગુરુ પ્રતાપે બની ગયા, યમ એવા તો અનુકૂળ!
રોગ મટયો ને યોગ થયો, ભાઇ મટી ગયું ભવશૂળ!
હું તો ગુરુચરણની ધૂળ!

— પરમાર્થી

O



# શ્રીમદ્‌ભાગવતમાં સત્યવિચાર

(ગતાંકથી ચાલુ)

પ્રા. ડૉ. શાન્તિકુમાર પંડયા

કૃષ્ણ સહુનું કલ્યાણ ઇચ્છે છે. સહુના કલ્યાણ માટે તો કૃષ્ણે શિવની ઉપાસના કરી. નારાયણ સ્વરૂપે એમણે મૈનાક પર્વત પર શિવની વિરાટ્ તપસ્યા કરી. એ તપથી ત્રણે લોકને તેજથી ભરી દીધા. શ્રી હરીન્દ્ર દવે કહે છે, "સાચું તપ કેવળ પોતાનું તેજ વધારવા નહિ, સહુનું તેજ વધારવા માટે થાય અને તપમાં કૃષ્ણ શું માગે છે? એ કહે છે, "મને વરદાન આપો કે અહિતકારી વિચારો મારા મનમાં ન પ્રવેશે. મને નિષ્કામ ક્રોધરહિત કે લોભ-રહિત થવાનાં દુર્લભ તથા ઇષ્ટ વરદાન આપો. મારો અસ્વીકાર કરશો નહિ. હું આપનું સ્તવન કરું છું." શિવે કહ્યું "મનુષ્યથી માંડીને પ્રાણીમાત્રમાં અપરિમિત બળવાળા થવાનું દેવોસહિત સર્વેથી અપરાજીત રહેવાનું, શસ્ત્ર, વજ્ર, અગ્નિ, લીલું, સૂકું, જંગમ કે સ્થાવર કશાની ઇચ્છા નહિ થવાનું અને સમરાંગણમાં સ્વયં મારાથી–શિવથી અધિક થવાનું વરદાન હું આપું છું." શિવથી અધિક થવાનું વરદાન સ્વયં શિવ હોય તે જ આપી શકે."

નારાયણનો સમષ્ટિના, સહુના કલ્યાણ માટેનો દશાવતારો દ્વારા ઉદ્દામ ભાગવતની કથાઓમાં કેન્દ્રસ્થાને છે. રસાતાળ ગયેલી પૃથ્વીને વરાહરૂપ ધારણ કરીને બહાર લાવ્યા તે મોટામાં મોટું કલ્યાણ. "પુણ્યાહવાચન પ્રયોગ"માં "કલ્યાણ" આશીર્વાદનું વાચન કરાવતાં યાજ્ઞિકો કહે છે–

"पृथिव्यां उद्धृतायां तु यत्कल्याणं पुरा कृतम्।
ऋषिभिः सिद्धगन्धर्वैस्तत्कल्याणं ब्रुवन्तु नः"

(પુણ્યાવાચન પ્રયોગ)

પુણ્યાહ અને વરાહ બંને સમાનાર્થી છે અને વરાહે કોની સાથે યુદ્ધ કર્યું? હિરણ્યાક્ષ સાથે. હિરણ્યની આંખે જે જુએ તે હિરણ્યાક્ષ. સોનાના પાત્રથી સત્યનું મુખ ઢંકાયેલું છે. ઈશોપનિષદ્-માં ઋષિ પ્રાર્થે છે.

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

(ઈશોપનિષદ્, શ્લોક ૧૫)

સત્ય ધર્મના દર્શન માટે વરાહે કરેલો હિરણ્યાક્ષનો વિનાશ સૂચક છે. નૈઃશ્રેયસ નામના પવિત્ર વનમાં, પ્રાકૃતિક વૈભવની વચ્ચે, સાતમી મંઝીલે પહોંચવા છતાંય વિષ્ણુના દ્વારપાળ જય–વિજયને સત્ય સમજાયું નહોતું. સનક વગેરે સિદ્ધ સંતોનો પણ તિરસ્કાર કરવા બદલ શાપ પામીને તે હિરણ્યાક્ષ અને હિરણ્ય-કશિપુ થયા હતા. વરાહ અને નરસિંહ એમનો ઉદ્ધાર કર્યો.

માયાનું આવરણ દૂર કર્યાવિના સત્યનું દર્શન થાય નહિ અને શ્રદ્ધા વિના સત્યની સમજણ ફલવતી બની શકે નહિ. દક્ષ પ્રજા-પતિએ ત્રણે દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહેશમાં ભેદબુદ્ધિ રાખી પરિ-ણામે એ શિવવિમુખ બન્યો. યજ્ઞધ્વંસ પછી ભગવાને એને કહ્યું,

त्रयाणामेकभावानां यो न पश्यति वै भिदाम् ।
सर्वभूतात्मनां ब्रह्मन् स शान्तिमधिगच्छति ॥

શ્રીમદ્‌ભાગવત, ૪–૭–૫૪

એની ભૂલ સમજાવ્યા પછી વરદાન આપ્યું, "તારી બુદ્ધિ હંમેશાં ધર્મમાં રહો."

શ્રીમદ્‌ભાગવતે અહૈતુકી ભક્તિનો મહિમા કર્યો. વિવિધ હેતુ-ઓથી થતી ભક્તિ ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત કરાવી શકે પણ જો



એ ભક્તિ નિર્વ્યાજ ન હોય, તો મોક્ષ ન અપાવી શકે. સાંસારિક ભાવો મોક્ષમાં બાધક બને. ધ્રુવચરિત કહેનારા મૈત્રેયજીને શ્રોતા વિદૂર પ્રશ્ન પૂછે છે, "અલભ્ય એવું અવિચળ પદ એક જ જન્મમાં પ્રાપ્ત કરવા છતાં ધ્રુવજીને કૃતાર્થતાનો અનુભવ કેમ ન થયો? મોક્ષ કેમ ન માગ્યો? તો મૈત્રેયજીએ કહ્યું કે ભગવાનના દર્શનસમયે પણ ધ્રુવને માતાનાં કડવાં વચન યાદ આવ્યાં અને મુક્તિ માગવાનું ભૂલી ગયા, પાછળથી પસ્તાયા."

શ્રીમદ્‌ભાગવત, ચતુર્થ સ્કંધ, અ. ૯

માયાનું આવરણ દૂર કરવાનું મુનિઓને માટે પણ મુશ્કેલ છે. સત્યવચન સારું છે. સત્યથી પર એવું કંઇ નથી પણ જેમણે સત્ય-ને સ્વીકાર્યું છે એમને માટે પણ એને તત્ત્વતઃ જાણવું મુશ્કેલ છે.

सत्यस्य वचनं साधु न सत्यात् विद्यते परम् ।
तत्त्वेनैतत् सुदुर्ज्ञेयं यस्य सत्यमनुष्ठितम् ॥

કર્ણપર્વ, અ. ૬૯

સંસારને અસાર જાણી ઘરબાર અને પુત્રોને પણ ત્યજી જનાર મહામુનિ ભરત એક હરણબાળની આસક્તિ ત્યજી ન શક્યા. સત્કર્મ પણ આસક્તિને કારણે બંધક બન્યું અને બીજો જન્મ હરણીને પેટે લેવો પડયો. માર્કણ્ડેય ઋષિ 'સપ્તશતી'માં કહે છે.

ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा ।
बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ॥

ખુદ માર્કણ્ડેયજીનો મોહ પણ ભગવત્કૃપાથી જ દૂર થયો એ વાત શ્રીમદ્‌ભાગવતના દ્વાદશ સ્કંધમાં નિરૂપાઇ છે.

સિદ્ધિઓ પણ શ્રેય માર્ગમાં બાધારૂપ બને કારણ કે મનનો

કોઈ ભરોસો નથી. પરીક્ષિત શુકદેવજીને પૂછે છે. "ઋષભદેવે સિધ્ધિઓનો સ્વીકાર કેમ ન કર્યો?" તો શુકદેવજી કહે છે.

न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते ।

શ્રીમદ્ભાગવત, ૫–૬–૩

ભક્તિમાં નિતાન્ત પ્રતિપત્તિની આવશ્યકતા દર્શાવવા 'ગજેન્દ્ર-મોક્ષ'નું આખ્યાન કહેવાયું છે. અજામિલના આખ્યાનદ્વારા નામ-સ્મરણનો મહિમા કર્યો. હરિનું નામસ્મરણ પાપીનો પણ ઉદ્ધાર કરે. અજાણતાં લેવાયેલું નારાયણનું નામ જો આટલું પ્રભાવક હોય તો સમજણપૂર્વક, શ્રદ્ધાથી લેવાયેલું નામ તો અનેકગણું શ્રેયસ્કર બની રહે જ એમાં કોઈ શંકા નથી.

हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः ।
अनिच्छयापि संस्पृष्टो दहत्येव हि पावकः ॥

શ્રીમદ્ ભાગવત, ૬–૨

માત્ર મોક્ષસિદ્ધિ માટે જ નહિ પણ અન્ય અર્થની સફળતાને માટે પણ ભગવદભિમુખતા નિતાન્ત આવશ્યક છે. સમુદ્રમંથન વખતે દેવો અને દાનવોએ સરખો પુરુષાર્થ કર્યો પણ અમૃતની પ્રાપ્તિ માત્ર દેવોને જ થઈ અસુરોને ન થઈ કારણ કે તેઓ ભગવદવિમુખ હતા.

क्लेशभाजो भविष्यन्ति दैत्या यूयं फलग्रहाः ।

શ્રીમદ્ભાગવત, ૮–૬–૨૩

'બલિનિગ્રહ' પ્રસંગમાં પણ શ્રીમદ્ભાગવતકાર સત્યનો મહિમા કરે છે. શુક્રાચાર્યે વામનજીને દાન આપતાં બલિને અટ-કાવ્યો પણ બલિએ સત્યવચન નીભાવ્યું. બલિરાજા કહે છે. "હું પ્રહ્લાદનો વંશ જ છું, વચન મિથ્યા નહિ કરું" असाधुवादात्



भृशमुद्विजे यथा । બલિસત્યના બળે બંધાયા અને આથી જ આજે પણ રક્ષાબંધન પ્રસંગે બલિને યાદ કરીને કહેવામાં આવે છે–

येन बद्धो बली राजा दानवेन्द्रो महाबलः ।
तेन सत्येन बध्नामि रक्षे मा चल मा चल ॥

"અંબરિષ આખ્યાન" ભગવાન કરતાં પણ ભક્તનું વધારે ગૌરવ દર્શાવવા માટે છે અને એ રીતે પણ અહૈતુકી ભક્તિનો મહિમા થયો છે.

શ્રીમદ્ભાગવતના મધ્યમાં પણ કૃષ્ણને સત્યસ્વરૂપે સ્મરવામાં આવ્યા છે. કંસના કારાગારમાં જન્મેલા કૃષ્ણની બ્રહ્મા, શંકર વ. દેવો અને નારદ વ. મુનિઓ સત્યસ્વરૂપે સ્તુતિ કરે છે–

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यं ऋतसत्यनेत्रम् सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ॥

શ્રીમદ્ભગવદ્ગીતા, ૧૦–૨–૨૨

કૃષ્ણનું નામ લીધા વિના નવધા સત્ય તરીકે સ્તવાયેલા કૃષ્ણ શ્રીમદ્ભાગવતના સત્યવિચારનું ગિરિશૃંગ છે. કૃષ્ણ સત્યવ્રત, સત્યનો સંકલ્પ કરનારા છે. સત્ય જ એમનું બળ છે. પણ સત્યની વિભાવના એમની પોતાની છે. સત્ય ધર્મનું મૂળ છે અને સમષ્ટિનું કલ્યાણ, પ્રાણીઓનું આત્યંતિક કલ્યાણ કૃષ્ણને મતે સત્ય છે એટલે ક્યારેક સમષ્ટિ ધર્મને કેન્દ્રમાં રાખીને કૃષ્ણે અસત્યની પણ હિમાયત કરી હશે. દ્રોણાચાર્ય પ્રતિકાર નહોતા જાણતા એવા નિર્દોષ સૈનિકો પર યુદ્ધમાં નિષિદ્ધ કહેવાય એવાં શસ્ત્રોનો પ્રયોગ કરી એમનો સંહાર કરવા લાગ્યા ત્યારે યુધિષ્ઠિરને બેધડક અસત્ય બોલવાની સલાહ આપી કૃષ્ણે કહ્યું,

स भवान् त्रातु नः द्रोणात् सत्याज्ज्यायोऽनृतं वचः ।
अनृतं जीवितस्यार्थे वदन्न स्पृश्यतेऽनृतैः ॥

દ્રોણપર્વ, ૧૯૦, ૪૭

કૃષ્ણે ધર્મને એના પરિપ્રેક્ષ્યમાં મૂલવ્યો. કૃષ્ણે પ્રમાણ્યું કે અધર્મને ટકાવતો ધર્મ. પોતે ધર્મત્વ ગુમાવી બેસે છે. અધર્મનો નાશ કરવા અપનાવાતા અધર્મથી અધર્મનો છેદ ઊડી જતાં રહે છે માત્ર ધર્મ. જપ, તપ, દાન અને બ્રહ્મચર્ય વગેરે ધર્મ હશે, એનો પણ મહિમા છે પણ બૃહદ્‌ધર્મ તો એ જ કે જે આખા સમાજને લાંબે ગાળે પણ ટકાવી રાખે. **धारणात् धर्ममित्याहुः धर्मो धारयते प्रजाः ।** આ ધર્મની વિભાવના છે અને કૃષ્ણ એ બાબતમાં બિલકુલ સ્પષ્ટ છે અને આથી જ પરીક્ષિત પરિત્રાણમાં સત્ય અને ધર્મની દુહાઇ આપીને પરીક્ષિતને સજીવન કરવામાં આવ્યો છે. કૃષ્ણ ભારે બુલંદીથી કહે છે :

**यथा सत्यञ्च धर्मश्च मयि नित्यं प्रतिष्ठितौ ।**
**तथा मृतः शिशुरयं जीवतादभिमन्युजः ॥**

આશ્વમેધિકપર્વ, ૬૯–૨૨

સત્ય અને ધર્મ એ બંને શબ્દો કૃષ્ણના સમગ્ર જીવનકાર્યના સંદર્ભમાં મૂલવવાના છે. કૃષ્ણ ક્યારેય મિથ્યા બોલતા નથી તો ક્યારે પણ સત્યમાંથી વિચલિત પણ થતાં નથી. એ હંમેશા સત્યનિષ્ઠ છે. કૃષ્ણ જ સત્ય છે. ધર્મ માટે ઉચ્ચારાયેલું અસત્ય પણ કૃષ્ણ છે. કૃષ્ણ પોતાનાં જ વચનો સાથે ટકરાય છે પણ કૃષ્ણ ક્યારેય અસંગત નથી. કૃષ્ણના સત્યમાં સંગતિ છે. કૃષ્ણનું અસત્ય પણ સત્ય સંગત છે અને આથી જ વ્યાસજીએ કહ્યું છે **यतः कृष्णः ततो धर्मः ।** કૃષ્ણ **सत्यपरं** સત્ય પરાયણ કે પરમ સત્યસ્વરૂપ છે. **त्रिसत्यं** એટલે કે ત્રિકાલાબાધિત સત્ય છે. તેઓ જ સત્યનું ઉત્પત્તિસ્થાન છે. નિત્ય સત્યમાં પ્રતિષ્ઠિત છે. તેઓ સત્યનું પણ સત્ય છે. બ્રહ્માંડમાં જે કંઇ નિત્ય–નિયમરૂપે–ઋતરૂપે



છે તે સત્ય પણ કૃષ્ણ છે. સત્યનાં નેત્ર પણ કૃષ્ણ છે. સત્ય જ જેનો આત્મા છે એવા નવધા સત્યસ્વરૂપ કૃષ્ણને શરણે આવીને દેવો અને મહર્ષિઓ ધન્યતાનો અનુભવ કરે છે.

દશમસ્કંધમાં કૃષ્ણનું સત્યસ્વરૂપ પ્રેમરૂપે પ્રગટે છે. દુનિયાના અનેક જીવન્મુક્તોએ પ્રેમને સત્યનો પર્યાય માન્યો છે. દશમ-સ્કંધમાં કૃષ્ણપ્રેમ સર્વત્ર પથરાયો છે. એ સીમિત નથી, સીમિત હોઇ જ ન શકે. શ્રીમદ્‌ભાગવતકારે માતા યશોદા, ગોપબાલો અને ગોપીઓ દ્વારા કૃષ્ણપ્રેમ અને કૃષ્ણભક્તિને એક નવું જ પરિમાણ આપ્યું. કૃષ્ણની બાળલીલાઓનું ધ્રુવ સત્ય એક જ છે **सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।** કૃષ્ણને જેમણે શત્રુભાવે ભજ્યા એમને પણ કૃષ્ણે તો તાર્યા જ. તો પછી જેમણે કૃષ્ણને અનન્ય પ્રેમભાવે ભજ્યા એમની ઉજ્જ્વળ ગતિનું તો પૂછવું જ શું? કૃષ્ણ સહુને પ્રેમ કરે છે. નરસિંહ મહેતા કહે છે, "અઢળક ઢળિયો રે શામળિયો." પૂતનાને મારીને પણ કૃષ્ણે ધાત્રી ઉચિત ગતિ આપી. એનાથી વધારે દયાળુ બીજો કોણ હોઇ શકે? **कं वा दयालुं शरणं व्रजेम ।** શ્રીમદ્‌ભાગવતના મર્મજ્ઞોએ કહ્યું છે કે આ આખું જગત વ્રજભૂમિ છે. આપણે સહુ અહીં તરેહતરેહના વ્યવહાર અને વેપાર કરીએ છીએ પણ કૃષ્ણનું દાણ ચૂકવીએ છીએ ખરા? એ તો કેવળ પ્રેમ જ માગે છે. મને પ્રેમ કરો અને નિર્ભય થઇને ફરો." (હરીન્દ્ર દવે : કૃષ્ણ મારી દૃષ્ટિએ) કેવળ પ્રેમ, નિર્મળ પ્રેમ એ જ કૃષ્ણનું સત્ય છે. વિશુદ્ધ ભક્તિ જ ભગવાનને બાંધી શકે એ દામોદર લીલાનો મર્મ છે. સંસારના વિષયોનું વિવેકથી મંથન કરે ને ભક્તિરૂપી માખણ પ્રાપ્ત કરે તે માખણ લીલાનો સંદેશ છે. નિરોધ લીલા તો કૃષ્ણપ્રેમનો ચરમોત્કર્ષ છે. ભાગવતકાર કહે છે :

एवंविधा भगवतो या वृन्दावनचारिणः ।
वर्णयन्त्यो मिथः गोप्यः क्रीयास्तन्मयतां ययुः ॥

વેણુનાદ, ૧૦–૬–૨૦

શ્રીમદ્‌ભાગવતના સમાપનમાં પણ ભગવાનને ફરી એકવાર સત્યસ્વરૂપે જ યાદ કરવામાં આવ્યા છે.

तत् शुद्ध विमलं विशोकममृतं सत्यं परं धीमहि ।

શ્રીમદ્‌ભાગવત, ૧૨–૧૩–૯૩

આ પરમ તત્ત્વ શુદ્ધ પ્રેમસ્વરૂપ છે. માયા કે મલ રહિત છે અને માટે જ વિશોક–આનંદઘન સ્વરૂપ છે. એ અમૃતતત્ત્વરૂપ પરમ સત્યનું આપણે ધ્યાન ધરીએ.

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્ક્સ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧



**During my stay in India**

## My insights and reaffirmations of Pujya Maa

**Shipra Amin**

This year I had the opportunity to visit India and experience the annual medical camp that is held at Swargarohan. What started out to be a trip with a specific aim turned into a 7–month fantasy of experiencing Pujya Maa in India. On a quick glance, the past months seem like a dream that went by in a flash, but in serious retrospect I know that they were a blessing which have changed my life.

First and foremost I must say that Swargarohan played a vital role in my new insight of P. Maa. Having only been with P. Maa in North America and for the most part only knowing Her through Satsangs, where one comes has Darshan and then departs, or through Shibirs and Yatras which were for a limited time and followed a full schedule, Swargarohan was quite different. Swargarohan provided a physical space in which to

experience the spiritual, in which to awaken to and appreciate P. Maa.

**Who is P. Maa to you?**

This question was posed at the youth Shibir in Toronto and the responses varied from friend to teacher to brother. I am sure that if this question were to be asked to any group of P. Maa's devotees the answers would vary to the same degree. The first time when I was presented to the replies, I could process them but I had never seen these facets of P. Maa. But in these past few months, I had the opportunity to see P. Maa take on many if not most of these roles. I think that one of the greatest and unique qualities of P. Maa is Her ability to take on any role or relation and fulfill it with utmost love and compassion.

With the children she became a child, playing, entertaining, often listening most attentively to their stories and adventures. With the youth P. Maa was someone with whom they could discuss any topic or problem, someone who would laugh with them and advise them on their future. With



the elders P. Maa was someone who would listen when no one else would. She is the one entity whom everyone can candidly discuss all aspects of one's life without hesitation or fear.

P. Maa takes on the role that is reflected by the devotee. If I go to P. Maa in a playful mood laughing and carefree, she will respond as a friend, but if I need guidance or advise she will be present as a Guru. Whether P. Maa is teacher, guru, counselor or Mother, she always listens attentively with love and without judgment. It's this divine love that draws Her children.

**Do as She says.**

One of the most difficult things to do is to abide by what ones, Guru has prescribed. Even though following through on P. Maa's words at times is not easy, it will save one much pain in the long run.

P. Maa always tells the truth, it's up to us to accept what she gives and apply it. Initially it may be difficult to hear words that are contrary to what you want to hear, but they will save you. Many devotees have had personal experience of the repercussions of

not following P. Maa's advice and I am sure that they will be the first to tell you that she is never wrong.

Through personal experience and observing others with P. Maa I know that she would not steer someone in the wrong direction. Though we may not understand the reasons behind Her decisions and sometimes they may even be difficult to accept we have to remind ourselves of who P. Maa is and what She represents to us. We have to tap into whatever faith we have and trust in the Divine. I can guarantee that with time everything will come into focus and one will be ever grateful to P. Maa for guiding one down the right path.

**Maa is Always With You**

This is something that I have heard many many many times, but perhaps didn't completely believe or sometimes forgot. In Swargarohan I had the chance to be present for many conversation between P. Maa and other devotees and just by listening I realized that P. Maa is truly, always with Her children.

Hearing of all the near death experiences



and the manner in which the devotees survived and how P. Maa gave, not only them but also their families, the strength to stay standing in those trying times reinforces this fact. Being told of all the miracles that occurred the night 14 devotees were in a car accident while travelling from Shirdi to Mumbai proves of P. Maa's presence at that place and time.

She has this uncanny ability to provide answers before the questions are even posed. Many times P. Maa has responded to thoughts which I had weeks or months before. She knows of intimate details which haven't been informed to anyone else. It's as though She is present for and aware of each thought, action and emotion and records every one of them!

Seeing P. Maa be there for all Her children truly reinforced the idea that She is always with us. I realize now how true those words are. P. Maa has been there through the laughter and the tears, through each victory and defeat, through exams, through lonely days, even through all the moments when I

forgot Her and all the while not only was She protecting me but also giving me the strength to move forward. There were times when I thought that P. Maa wasn't there, that She wasn't standing by me, but I now know that I just didn't silence myself enough to feel Her presence.

These were just some of the insights and reaffirmations that came to me during my stay in India. Despite the fact that much of this came vicariously by observing P. Maa interact with others and through conversation with devotees, it has undeniably left an impact on me. I can honestly say that my faith has been strengthened and that I have awakened to even more facets of P. Maa's being. It's difficult to put into words everything that I have come across or felt, how does one capture the depth and breadth of the Divine? It's something that is best experienced. If anyone has the chance to go to Swargarohan to spend time with P. Maa then don't hesitate, go experience the environment, the devotees and most of all P. Maa. If you open yourself and silence yourself you will feel the Divine!



મારા ભારતરોકાણ દરમ્યાનનું

# પૂ. માનું આંતરદર્શન અને પ્રતીતિઓ

મૂળ લેખક : શીપ્રા અમીન
અનુવાદ : તંત્રી

આ વર્ષે મને ભારતની મુલાકાત લેવાની તક મળી તેમ જ સ્વર્ગારોહણ ખાતે યોજાયેલ મેડિકલ કેમ્પનો પણ અનુભવ મળ્યો. પ્રારંભમાં એક ખાસ હેતુ માટેનો જે પ્રવાસ પ્રયોજાયો હતો, તે પૂરા સાત માસસુધી પૂ. મા ભારતમાં કેવી રીતે રહે છે તેની મઝા માણવાના આનંદમાં પરિણમ્યો. ઊડતી નજરે જોઈએ તો પસાર થયેલા મહિનાઓ સ્વપ્નમાં પ્રકાશના ઝબકારાની જેમ પસાર થઈ ગયેલા લાગે, પરંતુ થોડી ગંભીરતાપૂર્વક વિચારતાં વીતી ગયેલો એ ભૂતકાળ મારા સમગ્ર જીવનને બદલી નાંખનાર એક આશી-ર્વાદરૂપ હું લેખું છું.

સૌથી પ્રથમ અને અગત્યની વાત મારે કહેવી જોઈએ કે પૂ. માને સમજવાની એક નવી દૃષ્ટિ પૂરી પાડવામાં સ્વર્ગારોહણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઉત્તર અમેરિકામાં મોટાભાગે કેવળ સત્સંગદ્વારા જ દર્શન કરી છૂટા પડી જવાનું એટલો જ પરિચય પૂ. માનો પામતા અથવા તો થોડા સમય માટે યોજાતી શિબિર કે યાત્રામાં મળવાનું થતું, પરંતુ તેમાં તો ભરચક કાર્યક્રમો હોય, જ્યારે સ્વર્ગારોહણની તો વાત જ જુદી. અહીં સ્વર્ગારોહણમાં આધ્યાત્મિકતાનો અનુભવ કરવાનો પૂરો સમય મળી રહેતો જેમાં સભાન બનીને પૂ. માને સાચી રીતે સમજી શકાય.

**પૂ. મા તમારા માટે કોણ છે?**

ટોરન્ટોમાં જે યુવાશિબિર યોજાયેલી તેમાં આ પ્રશ્ન પૂછવામાં આવેલો. તેમાં જે જવાબો મળ્યા તે પૂ. મા મારાં મિત્ર, શિક્ષક કે ભાઈ છે એવા ભિન્ન ભિન્ન પ્રકારના હતા. મને પૂરેપૂરી ખાત્રી છે કે પૂ. માના કોઈ પણ ભક્ત સમૂહને પણ આ પ્રશ્ન પૂછવામાં આવે તો તેના જવાબોમાં પણ આવી જ ભિન્નતા જોવા મળવાની. પહેલીવાર મારી સમક્ષ આ જવાબો રજૂ કરવામાં આવ્યા, ત્યારે તો મેં તેમને ભિન્ન ભિન્ન રીતે તારવી આપ્યા પરંતુ પૂ. માના જીવનના પાસાઓ અંગે મને કોઈ પ્રત્યક્ષ જાણકારી ન હતી. પરંતુ પાછલા થોડા મહિનાઓમાં પૂ. માને મેં આ બધા જ નહિ તો મોટાભાગના પાત્રોનો અભિનય કરતાં જોયાં. મારી ધારણા મુજબ પૂ. મામાં સૌથી મોટી અને અદ્વિતીય ગુણની શક્તિ એ છે કે તે કોઈ પણ પાત્ર કે સંબંધનો સ્વીકાર કરી તેને ખૂબ જ પ્રેમ અને કરુણાથી પૂરેપૂરી રીતે ભજવી કે અદા કરી શકે છે.

પૂ. મા બાળકો સાથે તેમના જેવા બાળક બનીને રમે છે, આનંદે છે અને કેટલીકવાર તેમની વાતો અને પરાક્રમો ખૂબ ધ્યાનપૂર્વક સાંભળે છે. યુવાનો માટે પૂ. મા એવી એક વ્યક્તિ છે જેની સાથે કોઈ પણ પ્રશ્નની મુક્તમને ચર્ચા કરી શકાય. તેમ જ હસી શકાય અને ભવિષ્ય અંગે જે તેમને માર્ગદર્શન આપી શકે. જ્યારે વૃદ્ધો કે જેમની વાતો કોઈ સાંભળતું ન હોય, તેમને પૂ. મા શાન્તિપૂર્વક સાંભળે. પૂ. મા એક એવું અનોખું વ્યક્તિત્વ છે જેમની સાથે જીવનના બધા જ પહેલુઓ વિષે નિખાલસતાપૂર્વક કોઈ પણ પ્રકારના સંકોચ કે ભયવિના, ચર્ચા કરી શકાય.



ભક્ત જેવા અભિનયની અપેક્ષા પૂ. મા પાસે રાખતો હોય, તેવા જ અભિનયનો તેઓ પ્રતિઘોષ પાડે છે. જો હું પૂ. માની પાસે હળવા વિનોદી અને ચિન્તારહિતભાવે જાઉં તો તેઓ એક મિત્રની જેમ મારી ખુશીમાં જોડાશે, પરંતુ મારે જો કોઈ માર્ગદર્શન કે સલાહ જોઈતી હોય તો એક ગુરુ તરીકે મને તે પૂરી પાડશે. પૂ. મા શિક્ષક, આધ્યાત્મિક ગુરુ, માર્ગદર્શક કે વાત્સલ્યપૂર્ણ મા ગમે તે હો, તેઓ હંમેશાં ખૂબ પ્રેમપૂર્વક અને તટસ્થતાથી ધ્યાનપૂર્વક સહુની વાતો સાંભળે છે. પૂ. માનો જે દિવ્ય પ્રેમ છે, તે જ સહુ બાળકોને તેમની તરફ ખેંચે છે.

**તે કહે તેમ કરો**

સહુથી અઘરા કામોમાંનું એક અઘરામાં અઘરું કામ હોય તો પોતાના ગુરુની સૂચનાઓનું યથાર્થપણે પાલન કરવું. પૂ. માની આજ્ઞા પ્રમાણે ચાલવું. જો કે ઘણીવાર સહેલું નથી હોતું, પરંતુ લાંબે ગાળે તે ઘણા બધાં દુઃખોમાંથી બચાવ કરનારું નીવડે છે.

પૂ. મા તો હંમેશાં સત્ય જ કહે છે, પરંતુ તેનો સ્વીકાર કરી તેનો અમલ કરવો તે આપણા પર આધાર રાખે છે. પ્રારંભમાં તમે જે સાંભળવાની અપેક્ષા રાખી હોય તેનાથી તેમના શબ્દો સાવ ઉલ્ટા પ્રકારના હોય તેથી તે મુશ્કેલ લાગે, પરંતુ અંતમાં તે તમારો બચાવ કરશે. ઘણા ભક્તોના એ અંગત અનુભવો રહ્યા છે કે પૂ. માની સલાહને અવગણવાથી કેવાં માઠાં પરિણામો આવે છે. તેથી તેઓ જ આપણને ખાત્રીપૂર્વક કહી શકશે પૂ. મા કદી ખોટા ન હતાં.

અંગત અનુભવોના આધારે તેમ જ બીજાઓને નિહાળીને આપણે ખાત્રીપૂર્વક કહી શકીએ કે તેઓ કદીય કોઈને ખોટા માર્ગે નહિ દોરે. જો કે આપણે તેમના નિર્ણયો પાછળના કારણો સમજી

ન શકીએ, અને કેટલીકવાર તે સ્વીકારવાં પણ આપણે માટે અઘરાં પડે, છતાં આપણે આપણી જાતને યાદ દેવડાવવું કે પૂ. મા કોણ છે અને તેઓ કોનું પ્રતિનિધિત્વ આપણી સમક્ષ કરી રહ્યાં છે. તેવા સમયે પૂ. મા માં આપણી જે શ્રદ્ધા હોય તેને અને પ્રભુમાંના વિશ્વાસને આપણે કામે લગાડવાનો છે, હું ખાત્રીપૂર્વક કહી શકું કે સમય જતાં બધું સમજમાં આવી જશે અને સાચા રાહે દોરવા માટે સાધક પૂ. માનો કાયમ માટે આભારી બની જશે.

**પૂ. મા હંમેશા તમારી સાથે જ છે.**

આ વાક્ય એવું છે કે જેને મેં અનેકાઅનેક વાર સાંભળ્યું છે. પરંતુ કદાચ તેમાં પૂરેપૂરી શ્રદ્ધા ન થતી કે કેટલીકવાર તે ભૂલાઇ જતું. સ્વર્ગારોહણમાં પૂ. મા અને ભક્તો વચ્ચે જે વાતચીત થતી તે સાંભળવાની મને તક મળી, તે સાંભળવા માત્રથી મને ખાત્રી થઇ ગઇ કે પૂ. મા સાચે જ, તેઓના બાળકો સાથે હંમેશાં હોય છે. અકસ્માતમાં મૃત્યુના મુખમાં પડવાના અનુભવો અને તેમાંથી તેઓનો જે રીતે અદ્‌ભુત બચાવ થયો, તેમાં તેઓને જ નહિ પરંતુ તેમના કુટુમ્બીજનોને આવી કપરી કસોટીરૂપ પરિસ્થિતિમાં ટકી રહેવાનું બળ પૂ. માએ જે રીતે પૂરું પાડયું, તે જ છે પૂ. મા તેમની સાથે હતાં તે હકીકતને પુષ્ટિ આપે છે. શિરડીથી મુંબઇ ચૌદ ભક્તોને લઇને આવી રહેલી ગાડીને રાત્રે થયેલા અકસ્માત્‌માંથી જે રીતે તેમનો ઉગારો થયો તેની આશ્ચર્ય પમાડે તેવી હકીકત સાંભળીને એ સાબિત થાય છે કે પૂ. માની તે સમયે અને સ્થળે (સૂક્ષ્મ સ્વરૂપે) હાજરી હતી. (નહિ તો આ બધા ભક્તોમાંના કેટલાકનો બચાવ જ ન થયો હોત.)

પૂ. મામાં એવી અલૌકિક શક્તિ જોવામાં આવી છે કે પ્રશ્ન



પૂછીએ તે પહેલાં જ તેના જવાબ આપી દે. કેટલીકવાર અઠવાડિયાં કે મહિનાઓ પહેલાં મારા મનમાં ઉદ્‌ભવેલા વિચારોનો પૂ. માએ જવાબ વાળી આપેલ છે. કેટલીક ખાસ અંગત વિગતો કે જેની મેં કોઇને વાત ન કરી હોય, તે વિગતો પણ તેઓ જાણતાં જણાયાં છે. એથી એવું લાગે કે આપણા દરેક વિચાર, ક્રિયા કે લાગણીની ક્ષણે પૂ. મા હાજર છે અને બધું જાણે છે.

પોતાનાં બધાં જ બાળકો માટે પૂ. મા બધે તેમની સાથે છે એ જોઇને–પૂ. મા કાયમ તેમની પાસે જ છે તે સત્યની ખરેખર પ્રતીતિ થાય છે. જીવનના હાસ્યના કે આંસુના, સફળતાના કે નિષ્ફળતાના કસોટીઓમાં, કે એકાંતના દિવસોમાં, જે ક્ષણોમાં પૂ. માને હું ભૂલી ગઇ હોઉં ત્યારે પણ, તેઓ મારું રક્ષણ કરતાં રહ્યાં છે એટલું જ નહિ, પરંતુ મને આગળ વધવાનું બળ પણ પૂરું પાડતાં રહ્યાં છે. કેટલીક વખતે મેં વિચાર્યું કે પૂ. મા તો મારી સાથે નથી પ્રત્યક્ષ રીતે મારી પાસે નથી, પરંતુ હવે મને લાગે છે તેમની હાજરી અનુભવવા માટે આવશ્યક એવી પૂરેપૂરી શાન્ત મેં મારી જાતને કરી ન હતી.

મારા ભારતના રોકાણ દરમ્યાન મેં જે આંતરદર્શન અને માન્યતાની પુષ્ટિ અનુભવી તે અહીં વર્ણવ્યું છે જો કે એ સાચું છે કે આ બધું પૂ. માએ બીજા સાથે વ્યવહાર કર્યો કે ભક્તો સાથે વાતચીત કરી તેવાં પરોક્ષ દર્શનો છે, તેમ છતાં હું પ્રામાણિકપણે કહી શકું કે તેના પરિણામે પૂ. મામાંની મારી શ્રદ્ધા વધુ દૃઢ બની છે અને પૂ. માના દિવ્ય અસ્તિત્વના પાસાઓ પ્રત્યે હું વધારે જાગ્રત બની છું. પૂ. માના સંસર્ગમાં હું જે આવી અને મેં જે અનુભવ્યું તે બધું જ શબ્દોમાં વર્ણવવું ખરે જ અઘરું છે. અરે,

પરમશક્તિની ગહેરાઇ અને ઊંડાઇ કોઇ કેમ કરી પામી શકે? તે તો માત્ર ઉત્તમ રીતે અનુભવી શકાય. જો કોઇને જીવનમાં સ્વર્ગા-રોહણમાં જઇ પૂ. માનું સાન્નિધ્ય પામવાની તક મળે તો જરાય હીચકીચાટવિના પહોંચી જજો, ત્યાંનું વાતાવરણ, ભક્તો અને સૌથી વિશેષ કરી પૂ. માનો લાભ લેજો. તમારું હૃદય જેટલું ખુલ્લું રાખશો અને તમારી જાતને અંદરથી જેટલી શાન્ત કરશો, તેટલી તમે ત્યાં પ્રવર્તતી દિવ્યતાને સારી રીતે માણી શકશો. જય કૃપાળુ મા.


જગતની વસ્તુઓમાં પ્રેમ, સત્ય, આનંદ, દયા તથા સુંદરતારૂપે જે અનુભવાય છે તે પણ પ્રભુનો જ અંશ અથવા પ્રભુ પોતે જ છે આ સમજાઇ જાય તો જગત આપણા માટે સ્વર્ગ થઇ જાય. યોગેશ્વરજી

ધ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨




# મુંડક ઉપનિષદ્ (૫)

મહાત્મા યોગેશ્વરજી

## (૪) અંગિરા ઋષિનો ઉત્તર : પરા ને અપરાવિદ્યા

શૌનકના પ્રશ્નનો સીધેસીધો ઉત્તર આપવાને બદલે અંગિરા ઋષિ જરા બીજી વાત સમજાવે છે. જો કે તે આડવાત નથી પરંતુ શૌનકે શરૂ કરેલા વિષયની સાથે સંબંધ ધરાવતી જ વાત છે. અંગિરા ઋષિ કહે છે કે બ્રહ્મજ્ઞાની પુરુષોના કહ્યા પ્રમાણે આ જગતમાં બે જાતની વિદ્યા જાણવા જેવી છે : એક તો પરા ને બીજી અપરા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ ને અથર્વવેદ એ ચાર વેદ છે. તે ઉપરાંત, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ ને જ્યોતિષ એ છ વેદાંગો છે, તે સૌને અપરાવિદ્યા કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં આપણે તેને લૌકિકવિદ્યા કે સામાન્યવિદ્યા કહી શકીએ. ઋષિ કહે છે કે બીજી પરાવિદ્યા છે. તેનાથી અવિનાશી પરમાત્માનું જ્ઞાન અથવા પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. તે ઉત્તમ છે. બીજી રીતે કહેવું હોય તો આપણે અપરા-વિદ્યાને શાસ્ત્રવિદ્યા ને પરાવિદ્યાને અનુભવવિદ્યા કહી શકીએ. પરાવિદ્યાની મદદથી પરમાત્માનું જ્ઞાન થવાથી શાંતિ મળે છે ને સંસારનું રહસ્ય પણ સહેલાઇથી સમજી શકાય છે. પરમાત્માને જાણવાથી બધું જ જણાઇ જાય છે અથવા જાણવા જેવું બધું જ્ઞાન પૂરું થાય છે. તે જ્ઞાનની મદદથી માણસ સમસ્ત સર્જનની અંદર રહેલી એકતાનો અનુભવ કરે છે. તે વિશે ખુલાસો કરતાં ઋષિ એક સુંદર ને સચોટ ઉપમા રજૂ કરે છે. ઉપનિષદ્‌ના બીજા

કેટલાક શ્લોકોની જેમ આ સંબંધમાં રજૂ થએલો શ્લોક પણ હૃદયંગમ ને યાદ રહી જાય તેવો છે. ઋષિ કહે છે કે કરોળિયો જેવી રીતે જાળું ઉત્પન્ન કરે છે ને પાછું પોતાની અંદર સમાવી દે છે, જેવી રીતે પૃથ્વીપર જુદી જુદી ઔષધિઓ ઉત્પન્ન થાય છે, તેમ જ જેવી રીતે માણસના શરીરમાં વાળ ને રુંવાડાં આપોઆપ ઊગે છે, તેવી રીતે અવિનાશી પરમાત્મામાંથી સંસારની ઉત્પત્તિ થાય છે. પરમાત્મા સૃષ્ટિના સ્વરૂપમાં સહજ રીતે જ પ્રકટ થાય છે. તેમાંથી અન્નની ઉત્પત્તિ થાય છે. અન્નમાંથી પ્રાણ, પ્રાણમાંથી મન, તેમાંથી સત્ય અથવા પંચમહાભૂતો, તેમાંથી ચૌદ લોકો ને કર્મનું અમૃત ઉત્પન્ન થાય છે. જે પરમાત્મા સૌના જ્ઞાતા ને દ્રષ્ટા છે તેમ જ જેનું તપ જ્ઞાનમય કે વિવેકી છે, તે પરમાત્માની અંદરથી આ નામ ને રૂપ તથા ભોગવાળી સૃષ્ટિ પેદા થાય છે. તે પરમાત્માને જાણી લેવાથી જાણવાજેવું બધું જ જણાઈ જાય છે; સંસારની અંતરંગ એકતાનો અનુભવ થાય છે.

આના પરથી કોઈએ એમ નથી સમજવાનું કે પરાવિદ્યા જ જરૂરી છે ને અપરાવિદ્યાની જરૂર જરા પણ નથી. શાસ્ત્રવિદ્યા કરતાં અનુભવવિદ્યાની મહત્તા વધારે છે એ સાચું; શાસ્ત્રવિદ્યામાંથી ઉપર ઊઠીને માણસે પ્રેમ ને ભક્તિ કે ધ્યાનદ્વારા અનુભવવિદ્યામાં પ્રવેશી પરમાત્માને ઓળખવા જોઈએ એ પણ સાચું; પરંતુ શાસ્ત્રવિદ્યા પણ એક વિદ્યા છે. ને તેના સ્થાનમાં તેનું પણ મહત્ત્વ છે એ યાદ રાખવાનું છે, અનુભવી પુરુષોની વાણીના સંગ્રહને જ શાસ્ત્ર કહે છે. અનુભવની દુનિયામાં પ્રવેશ કરવામાં ને ડૂબકી લગાવવામાં તે મદદરૂપ થાય છે. અલબત્ત, શાસ્ત્રજ્ઞાનની મદદવિના પણ માણસ પરમાત્માને મેળવી શકે છે. કેટલાય નિરક્ષર ભક્તો ભગવાનને પામ્યા છે પણ ખરા. પરંતુ શાસ્ત્રજ્ઞાનનો



તિરસ્કાર બરાબર નથી. તે પણ એક જ્ઞાન છે, ને તેને અનુભવજ્ઞાનનું પૂરક કરવાની જરૂર છે. શાસ્ત્રજ્ઞાનથી અંધ ને અભિમાની થવું, તેમાં આસક્ત થવું ને તેને જ સર્વસ્વ સમજી તેમાં જ પુરાઈ જવું ને પ્રત્યક્ષ અનુભવની દિશામાં આગળ ન વધવું, એ બધું ખરાબ છે, ભૂલભરેલું છે, ને તેના શિકાર ન થવાય તે માટે સાધકે અત્યંત ને સદાકાળ સાવધ રહેવાની જરૂર છે. શાસ્ત્રોની અંધ આસક્તિ ને સ્વાનુભવની ઉપેક્ષા કે પ્રત્યક્ષ અનુભવ પ્રત્યે આંખમીંચામણાં બરાબર નથી એટલું જ. શાસ્ત્રજ્ઞાન ગમે તેટલું સુંદર, આકર્ષક ને આનંદદાયક હોય તોપણ સાધ્ય નથી પરંતુ સાધન છે એ વાત સદાય યાદ રાખવાની જરૂર છે. શાસ્ત્ર ને સ્વાનુભવનો સુભગ સમન્વય કરવાની વાતને જ આવકારદાયક, આદરણીય ને આદર્શ વાત કહી શકાય.

એટલે પરા ને અપરા કે શાસ્ત્રવિદ્યા ને અનુભવ અથવા સ્વાનુભવ વચ્ચે ભેદભાવની દીવાલ ઊભી કરવાની, કડવાશ ફેલાવવાની કે હરીફાઈ પેદા કરવાની જરૂર નથી. બંનેની શક્તિ ને શક્યતાનો યથાર્થ આંક કાઢવાની જરૂર છે. જીવનની ઉન્નતિના જરૂરી કામમાં તો જ બંનેનો લાભ લઈ શકાય. પંખીની બે પાંખમાંથી કોઈ એક પાંખને પંખીના હિત માટે આપણે તોડી નથી નાંખતા; ધરતીપર ચાલતી વખતે એક પગને નકામો માની ઊંચો નથી રાખતા; ને જમણા હૃદયથી શરીરને ચાલશે એમ સમજી ડાબા હૃદયને શરીરની બહાર નથી કાઢી નાંખતા; તેમ બેમાંથી કોઈ એક વિદ્યાની તરફ ઉદાસીનતા કેળવવાની જરૂર નથી. શાસ્ત્રવિદ્યાનો લાભ લઈને પણ વિકાસ કરતાં જ શીખવાનું છે.

પરમાત્માને જાણી લેવામાં જ્ઞાનનો અંત આવે છે એટલું જ નહિ, પણ જ્ઞાન સફળ પણ થાય છે. પરંતુ પરમાત્માને જાણવાનું

કામ વાતો કરવા જેવું સહેલું નથી. તે માટે તપવું પડે છે, વિવેકી બનવું પડે છે, ને મનને નિર્મળ, ઉમદા ને એકાગ્ર કરવું પડે છે. તેની પાછળ આદુ ખાઈને પડવું ને તે માટે ભેખ ધારણ કરવો પડે છે. પરંતુ તેથી નાહિંમત થવાની જરૂર નથી. દૃઢ નિશ્ચય ને ભોગ આપવાની સાધારણ શક્તિ હોય તોપણ માણસને વિજય મળે છે. જોઈએ છે જવાંમર્દો ને સાચા દિલથી મહેનત કરનારાઓ. તેમને માટે પરમાત્માનાં મંદિરદ્વાર સહેલાઈથી ખૂલી જાય છે; તેમનું જીવન ઉજ્જવળ ને ધન્ય થાય છે.

આધ્યાત્મિક વિકાસવિના સાચા આનંદનો સંભવ નથી. આનંદ અંદર જ છે અને તે અંદર ડોકિયું કરવાથી પ્રાપ્ત થાય છે. એ આનંદ મળે એટલે બધા સંશયો છેદાય જાય છે. યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦
મોબાઈલ : ૯૮૨૫૧૩૭૩૫૫

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.



### પૂ. મા શ્રી સર્વેશ્વરીના

# જન્મદિનની ઉજવણી

તંત્રી

પરમ વંદનીય મા શ્રી સર્વેશ્વરીના ૬૦ મા જન્મદિનની ઉજવણી તા. ૧૩ નવેમ્બર, ૨૦૦૨ ના રોજ સ્વર્ગારોહણમાં સાધકોએ ખૂબ પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક કરી. પૂ. મા ત્યારે અમેરિકા હોવા છતાં જાણે તેઓની વચ્ચે ઉપસ્થિત હોય તેવો ભાવ સહુએ અનુભવ્યો.

પ્રભાતની બાવનીઓના ગાનસાથેની પ્રદક્ષિણા પછી, પ્રણામો અને ધ્યાનની બે બેઠકોમાં સહુ સાધકો જોડાયા. તો કેટલાકોએ પૂ. માને ગમતા પાંચસો પ્રણામો પણ સમય કાઢી કર્યાં.

પૂ. ગુરુદેવનું ભક્તિયોગ ઉપરનું સરસ પ્રવચન સાંભળી– ભક્તોએ જ્ઞાન સાથે એ દિવ્યવાણી શ્રવણનો આસ્વાદ માણ્યો.

કાર્યક્રમોનું આયોજન અને સંચાલન પૂ. માની સૂચના પ્રમાણે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ જાનીએ સરસ રીતે કર્યું.

યોગતીર્થમાંની મંત્રજપ સાથેની પ્રદક્ષિણાઓ અને યોગધામ-ના બધા જ ઓરડામાં બાવનીના પવિત્ર ગાનથી વાતાવરણને ભક્તિભાવથી સભર કરી દીધું. તો શ્રી ભોજાણીભાઈ અને શ્રી મંજુલાબેન ભાવસારે પૂ. માના જીવનની વિશેષતાઓના પ્રસંગો વર્ણવ્યા.

પૂ. માના જન્મદિન નિમિત્તે સુરતના સાધક શ્રી છગનભાઇ સોરઠિયા તરફથી સરસ મિષ્ટાન્ન ભોજનનો પ્રબંધ કરાયો.

પૂ. માના જન્મદિનની ઉજવણી શા માટે! તેનું મહત્ત્વ શ્રી નારાયણભાઇ જાનીએ સંક્ષેપમાં સમજાવ્યું. જે વ્યક્તિઓ પ્રભુની પ્રાપ્તિ કરી લીધા પછી જગતના જીવોના કલ્યાણ માટે પ્રવૃત્ત બને–તેમનો જ જન્મદિન ઉજવવા જેવો–એમ જણાવ્યું.

O

*** શુભ કામના ***

દુર્જનો સજ્જનો ભૂયાત્ સજ્જનો શાન્તિમાપ્નુયાત્।
શાન્તો મુચ્યેત બંધેભ્યઃ મુક્તશ્ચાન્યાન વિમુન્ચયેત્॥

દુર્જન વ્યક્તિઓ સજ્જન બને, સજ્જન માણસ શાન્તિ પામે અને શાંતિ પામેલ બંધનોમાંથી મુક્ત થઇ, બીજાં બદ્ધજીવોને સાંસારિક બંધનોમાંથી છોડાવે. આજ નવા વર્ષની શુભકામના.

— તંત્રી

*** સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ***

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી**

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ

મધુર કોમ્પ્લેક્ષ, શનારા રોડ, મહારાજા ટાઇલ્સ સામે

મોરબી–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૧૩૮૧, (રહેઠાણ) ૩૦૨૨૨, ૨૬૯૦૩



## A thrilling experienee!

**Jagrat P. Jni**

**Thank you Maa.**

(It was an experience of love and faith for your guru in the programme of Guru Purnima. It was a tremendous experience This was a part of devotion towards Prabhu and Maa. The greatest thing to see was that everyone was in the act. When Prabhu's Paduka were uplifted and were taken for Pradakshina of Swargarohan; I did give chance to others to carry the Palkhi, but the heart was not satis fied. It is the grace of Prabhu & Maa that I'm finding myself capable of carrying Palkhi on my shoulders, because I thought that Prabhu is sitting on my shoulders and I did not want Prabhu to get down. But finally he is not all of my alone but he belongs to all his other children too.

Maa when I sit in the Prathnakhand I feel that Prabhu's swaroop sitting on a chair is standing and coming towards me and saying

that you are my kid and I want to see you as a good human. This picture I can see with my naked eyes! what a wonder!

Maa, I would also like to thank Nishaben for she had changed the manner of my thinking. Once I told her to sing an English song but she refused and told that her heart feels guilty singing ther song in Swargarohan. Those words are still pinching me and poke my heart like a needle. Now I will not sing any Film related songs in Swargarohan. Now I really respect Nishaben that she has the understanding that I didn't have and she made me understad.

▭

**પ. પૂ. મા સર્વેશ્વરી ભારત આવી રહ્યાં છે.**

પ. પૂ. મા સર્વેશ્વરી ડીસેમ્બર-૨૦૦૨ ના અંતમાં અમેરિકાથી ભારત પધારી રહ્યાં છે. તેઓનો એક જાહેર કાર્યક્રમ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઓરણા ગામનો તા. ૬-૧-૦૩ ન છે. તે પછીનો કાર્યક્રમ હજી નિશ્ચિત થયેલો નથી. પૂ. મા ક્યાં છે ને વિદેશથી ભારત ક્યારે પધારવાનાં છે, તેવો અનેક સાધકોનો પૃચ્છાના પ્રત્યુત્તરમાં અમે આ જણાવીએ છીએ. — તંત્રી



# એક રોમાંચક અનુભવ !

મૂળ લેખક : જાગ્રત પિનાકીન જાની
અનુવાદ : તંત્રી

જય કૃપાળુ મા,

ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં જે અનુભવ થયો તે આપણા ગુરુપ્રત્યેના પ્રેમ અને શ્રદ્ધાનો હતો. તે ખરે જ ખૂબ ભારે અનુભવ કહેવાય. પૂ. મા અને પૂ. ગુરુદેવ પ્રત્યેની ભક્તિના ભાગરૂપ હતો એમ કહી શકાય. સૌથી મોટી વાત તો, એ હતી કે તે વખતે બધા હાજર હતા. પૂ. ગુરુદેવ પ્રભુની પાદુકાઓને જ્યારે સ્વર્ગારોહણની પ્રદક્ષિણા માટે ઉંચકવામાં આવી ત્યારે મેં તે પાલખી ઉંચકવાની તક બીજાઓને પણ આપી, પરંતુ તેનાથી મારા હૃદયને સંતોષ ન થયો. અરે, પૂ. મા-પ્રભુની કૃપા તો જુઓ કે હું મારા ખભાઓ ઉપર પૂ. ગુરુદેવની પાદુકાઓ ઉંચકવા શક્તિમાન થયો, કારણ કે મેં વિચાર્યું કે પૂ. ગુરુદેવ જ મારા ખભા ઉપર વિરાજમાન છે અને હવે મારે તેમને મારા ખભા ઉપરથી નીચે ઉતરવા દેવા નથી. પરંતુ અંતે મેં વિચાર્યું કે તેઓ થોડા જ મારા એકલાના છે! તેઓ ઉપર તેમના બીજા બાળકોનો (ભક્તોનો) અધિકાર પણ છે!

હે મા, પ્રાર્થના ખંડમાં જ્યારે હું બેસું છું ત્યારે ખુરસીમાં વિરાજેલું પ્રભુનું સ્વરૂપ ઊભું થઈને મારી પાસે આવતું અનુભવું છું. તે જાણે કે કહી રહ્યું છે કે તું મારો બાળક છે અને હું તને સરસ માણસ બનતો જોવા ઇચ્છું છું. આ દૃશ્ય મા હું મારી

ઊઘાડી આંખે જોઇ શકું છું! આ કેવું આશ્ચર્ય!

હે મા, મારે નિશાબેનનો પણ આભાર માનવો જોઇએ કારણ કે તેણે મારી વિચારવાની પદ્ધતિ જ બદલાવી નાંખી. એકવાર મેં તેને કોઇ અંગ્રેજી ગીત ગાવા કહ્યું. તેણે કહ્યું કે કોઇ ગમે તેવું ગીત જો સ્વર્ગારોહણમાં ગાય તો તેનું હૃદય કંઇ અપરાધ કરી રહ્યાનો ભાવ અનુભવે છે. આ શબ્દો હજી પણ સોઇની જેમ મારા હૃદયમાં ભોંકાય અને વ્યથા કરે છે. (મતલબ કે મારા હૃદયમાં કોતરાઇ ગયા છે) એટલે હવે પછી કોઇ પણ ફિલ્મનું ગમે તેવું ગીત સ્વર્ગારોહણમાં નહિ ગાઉં એવું મેં નક્કી કર્યું. નીશાબેન પ્રત્યે મને ખરે જ માન થયું કે મારામાં જે સમજ ન હતી તે તેનામાં હતી અને તેનું તેણે મને ભાન કરાવ્યું.

O

**Happy X'mas and Auspicious New Year to Everyone**

X'mas is fast approaching and the New Year 2003 will Commence soon. We wish happy x'mas and auspicious New Year to everyone. May God bless every soul on earth and lead to Path Divine.

**BHAVNAGAR-5-12-2002** **– Editor**



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) શ્રીયોગેશ્વરજી

## આકાશવાણી

એણે ઘોડાઓની લગામ પડતી મૂકીને રથને રોકી દીધો ને તેમાંથી નીચે ઊતરી, તલવાર તાણી, દેવકીનો કેશપાશ પકડીને, એના પર ઘાતક પ્રહાર કરવાની તૈયારી કરતાં કહ્યું :

'મારું ભાગ્ય અત્યંત ઉત્તમ અને અનુકૂળ હોવાથી હમેશાં આગળ ને આગળ રહે છે. એ આજે પણ આગળ આવીને મને જાગ્રત કરતું મારા પરમમિત્રની પેઠે ઊભું રહ્યું છે. હું તો અનેરા આનંદમાં અવગાહન કરતો દિવાસ્વપ્નોમાં મશગૂલ હતો. આકાશવાણીના અનુગ્રહથી મારી અવિદ્યાનિદ્રા ઊડી ગઇ ને મને મારી આગળની કઠોર વાસ્તવિકતાનું ભાન થયું. આકાશવાણીએ કહ્યા પ્રમાણે દેવકીનું આઠમું સંતાન મને જરૂર મારી નાંખશે. પરંતુ એ મને મારે તે પહેલાં એની ભવિષ્યની જનની દેવકીને જ મારી નાંખું અને અત્યારે ને અત્યારે જ મારી નાંખું એ કેટલું સારું? મૂળ જ ના રહે તો પછી શાખાપ્રશાખાની સૃષ્ટિ ક્યાંથી બને? મેં તમને બંનેને મારાં માન્યાં છે ને મને દેવકી પ્રત્યે પારવિનાનો પ્રેમ છે એ સાચું, પરંતુ એનો અર્થ એવો નથી કે મારા જીવનપ્રત્યે મને જરી પણ મમતા નથી. મારા પ્રાણને માટે મને સૌથી વધારે પ્રેમ છે. એના નાશનું નિમિત્ત બનનારને હું નહિ સાંખી લઉં ને જીવતું નહિ જવા દઉં. પછી તે ભલે ને ગમે તે હોય. મારા પિતા કે મારી માતા હોય તોપણ શું?'

વસુદેવના વિષાદનો પાર ના રહ્યો.

કંસનું અવિચારી પરાક્રમ અથવા દુસ્સાહસ દેખીને એમનું હૈયું હાલી ઊઠયું.

સમય ખૂબ જ કટોકટીભર્યો હતો.

એક વિપળનો વિલંબ કરવામાં આવે તો દેવકીના જીવનનો અંત આવી જાય એવી પરિસ્થિતિ હતી.

પરંતુ વસુદેવે સમયસૂચકતા વાપરી.

એ સુદૃઢ શરીરના અને શક્તિશાળી તો હતા જ. પોતાની સમગ્ર શક્તિને કેન્દ્રિત કરીને એ વિપળનોય વિલંબ કર્યાવિના નીડરતાપૂર્વક નીચે ઊતરી પડયા ને કંસનો તલવારવાળો હાથ પકડીને એને અટકાવતાં બોલી ઊઠયા :

'અરે કંસ, આ શું? આવું વર્તન તમને છાજે છે?'

કંસે ક્રુદ્ધ વાણીમાં પૂછ્યું :

'કેમ ના છાજે?'

'દેવકી તમારી બેન છે. એની રક્ષા કરવાનો તમારો ધર્મ છે. એની રક્ષા માટે જરૂર પડયે તમારો પ્રાણ પણ આપી દેવાનો બદલે એનો જાન લેવા તૈયાર થયા છો એ શું ઉચિત છે? તમે મહાયશસ્વી ભોજવંશના ભાવિ વંશધર છો. તમારા ગુણોની ખ્યાતિ સર્વત્ર ફેલાયેલી છે. દેવકી સ્ત્રી છે, તમારી બેન છે, અને હજુ હમણાં જ વિવાહિતા બનેલી છે. એની ઉપર તલવાર ઉગામતાં તમને કશો વિચાર કે સંકોચ નથી થતો?'

'શા માટે થાય? હું કાંઇ એટલો બધો મૂર્ખ નથી કે આકાશવાણીને સાંભળ્યા પછી પણ મારું હિત શેમાં સમાયેલું છે તે ના સમજી શકું.'



'પરંતુ આકાશવાણી એ આકાશવાણી છે. એનો વળી વિશ્વાસ કેવો? આકાશવાણી સાચી હોય તોપણ અનેકાર્થી હોઇ શકે છે. એનો પૂરો વિચાર કરવાને બદલે આવું દુસ્સાહસ કરવું જરા પણ ઉચિત નથી લાગતું. ખાસ કરીને તમારા જેવા પ્રાજ્ઞ પુરુષને માટે.'

'તમને આ આકાશવાણીનો વિશ્વાસ નથી આવતો?'

'આવે તોપણ એ વિચિત્ર લાગે તેવી ને માનવામાં ના આવે એવી છે. એથી ચિંતિત બનવાનું કશું જ કારણ નથી દેખાતું.'

'મારી જગ્યાએ તમે પોતે જ હો તો શું કરો?'

'આવી રીતે મારી બેન કે બીજી કોઇ યે સ્ત્રીપર વાતવાતમાં ઉત્તેજિત થઇને તલવાર તો ના જ ચલાવું. રોષે ભરાઇને કોઇ પણ પ્રકારનો અનર્થ કરી બેસતાં પહેલાં સો વાર શાંતિથી વિચાર કરું ને તે પછી જ જે ન્યાયોચિત કે નીતિસંગત લાગે તે પગલું ભરું. તમને મૃત્યુનો જ ભય છે કે બીજું કાંઇ?'

કંસે કટુતાયુક્ત વાણીમાં કહ્યું :

'મૃત્યુનો ભય કોને નથી તે કહેશો? કીડી, કુંજર અને ઇન્દ્રને પણ હોય છે. બધાં જ જીવન તથા વધારે ને વધારે જીવનને જ પસંદ કરે છે, ઝંખે છે, ને મૃત્યુને કોઇ જ નથી માગતું. એ એકાએક આવી જાય તે જુદી વાત છે પરંતુ કોઇ એને આમંત્રણ નથી આપતું. એ નિયમમાં હું પણ અપવાદરૂપ ના હોઇ શકું ને નથી જ.'

'એ બરાબર છે. મૃત્યુ અવશ્યંભાવિ છે. એ ટાળ્યું નથી ટળતું. આ આકાશવાણીને સાચી માની લો તોપણ એ વાણી પ્રમાણે તમારું મૃત્યુ દેવકીના આઠમા સંતાનથી જ થવાનું કહેવામાં

આવ્યું છે : દેવકીથી કે મારાથી થવાનું નથી કહેવામાં આવ્યું. માટે મને કે દેવકીને દંડ દેવાનું જરા પણ ઉચિત નથી.'

'હું તમને દંડ નથી દેતો, દેવકીને દઈ રહ્યો છું.'

'ના. એ દંજ મને પણ દેવાઇ રહ્યો છે. દેવકી મારી પત્ની હોવાથી એના નાશના વિચારદ્વારા તમે મને જ દુઃખી કરી રહ્યા છો. દેવકને માટે મને પુષ્કળ પ્રેમ હોવાથી એના અકાળ મૃત્યુથી હું જરા પણ નહિ જીવી શકું. જીવીશ તોપણ મૃતની પેઠે જ. તમારા એ કુકર્મની પ્રતિક્રિયા પ્રજાપર કેટલી બધી પ્રતિકૂળ પડશે તેનો વિચાર કરો. રોષે ભરાયેલી અસંતુષ્ટ પ્રજા મારા દેવકી સાથેના લગ્નસંબંધથી માંડ માંડ પ્રસન્ન ને શાંત થઈ છે. તેનો ક્રોધ ભયંકર અગ્નિજ્વાળાની જેમ માઝા મૂકશે ને સર્વવિનાશક બનીને ફાટી નીકળશે. એક વાર પ્રબળ બન્યા પછી એને કોઈ ઉપાયે શાંત નહિ કરી શકાય. દેવકીનું મૃત્યુ એવી રીતે ભારે અમંગલકારક અથવા વિઘાતક થઈ પડશે.'

કંસ જરા વિચારમાં પડયો એટલે વસુદેવે જણાવ્યું :

'આકાશવાણીથી પ્રભાવિત થઈને દેવકીનો નાશ કરવાથી તમારી બેનનો જ નાશ થવાથી તમને પોતાને જ દંડ મળશે. તમારું એ કર્મ બધી રીતે કુકર્મ અને અધર્મયુક્ત ગણાશે. એનો બચાવ કોઈયે રીતે નહિ કરી શકાય. હું એને જોઈ રહું એના કરતાં તો મારી પોતાની જ આહુતિ આપી દઉં એ બરાબર છે. એથી મને શાંતિ મળશે ને મારા કર્તવ્યપાલનનો સંતોષ પ્રાપ્ત થશે.'

(ક્રમશઃ)

## * આત્મિક સાધના *

સંતુષ્ટ, નિવૃત્તિપરાયણ, આત્મારામ પુરુષને જે આનંદ મળે છે તે લાલસા તથા લોભવશ થઈને ધનને માટે દોડાદોડ કરનારી વ્યક્તિને કેવી રીતે મળી શકે? સંતોષી મનવાળાને માટે બધી દિશાઓ સુખદાયક બની જાય છે. ઉપસ્થ તથા જીભના વિષયોની વાસનાથી વીંટળાયલો મનુષ્ય ઘરની દેખરેખ રાખનારા કૂતરા જેવો સમજી લેવો. સંતોષરહિત મનુષ્યનાં તેજ, વિદ્યા, તપ તથા યશ એની ઈન્દ્રિયલોલુપતાને લીધે ક્ષીણ થઈ જાય છે અને એનો વિવેક પણ નષ્ટ થાય છે. જુદાં જુદાં વ્રત અને નિયમની વિધિઓનું ફળ એક જ છે : મન અને ઈન્દ્રિયોનો જય કરવો. એ વ્રતો ને નિયમો ધારણા, ધ્યાન અને સમાધિમાં સાધક ના બને તો શ્રમમાત્ર છે. એવું સમજી લેવું. બહિર્મુખ વ્યક્તિનાં બધાં કર્મો બંધનરૂપ થઈ જાય છે. મન પર કાબૂ કરવાની કામનાવાળા પુરુષે સંગત્યાગ કરીને એકાંત સ્થાનમાં વાસ કરવો. આસન વાળીને શરીરને સ્થિર રાખીને સુખપૂર્વક બેસવું. પ્રણવ(ૐ)નો જપ કરવો. જ્યાંસુધી મન સંકલ્પવિકલ્પમાંથી મુક્તિ ના મેળવે ત્યાંસુધી પ્રાણાયામની મદદથી પ્રાણની ગતિને રોકવી. મનને પાછું વાળીને હૃદયમાં સ્થિર કરવું. આવા નિરંતર અભ્યાસથી મન શાંત બને છે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * સ્વભાવની સંશુદ્ધિ *

સાધનામાં આરંભના એક અત્યંત અગત્યના સાધન તરીકે, સ્વભાવની સંશુદ્ધિ પ્રત્યે પૂરતું ધ્યાન આપવું પડશે એને હૃદયશુદ્ધિ કહો, સત્ત્વાપત્તિ કહો, દૈવી સંપત્તિની પ્રાપ્તિ કહો, બધું એક જ છે. ભાષા જુદી પરંતુ ભાવ એક છે. આપણી પોતાની જ પ્રકૃતિનું પરિશોધન કરીને એની વિકૃતિઓને દૂર કરવા માટે પુરુષાર્થ કરવો પડશે. અંતરમાં સૂતેલ અહંકારને ઓગાળી નાંખવો પડશે. પૂર્વગ્રહો અને પૂર્વમાન્યતાઓમાં બંધનોને કઠોર બનીને તોડી નાંખવા પડશે. સંકુચિતતાની વજ્રદિવાલોને ધરાશાયી કરી દઈને વિશાળતા તથા સહિષ્ણુતામાં પ્રવેશવું પડશે. દુન્યવી મમતા, આસક્તિ, રાગદ્વેષ, ભય, ધિક્કાર તથા કામક્રોધના પાશમાંથી છૂટવું રહેશે. જીવનમાં દુરાચારને બદલે સદાચારની, અન્યાયને બદલે ન્યાયની, અધર્મને બદલે ધર્મની પ્રતિષ્ઠા કરવી પડશે. સર્વ પ્રકારનાં છળકપટ, દંભ, અનૃતનો અંત આણીને ઈમાનદારી સરળતા, નિષ્કપટતા તથા ઋતના ઉપાસક બનવું પડશે. સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે સર્વ પ્રકારના આસુરી અવશેષોનો અંત આણીને માનવીય ગુણોની મૂર્તિ બનવું પડશે. દુન્યવી વિષયોની રસવૃત્તિ તથા તૃષ્ણાનો સદંતર અભાવ પણ એટલો જ બલકે એથી પણ અધિક અનિવાર્ય છે. બધા જ દુન્યવી વિષયોમાંથી મનને પાછું વાળીને સાધકે શનૈઃ શનૈઃ પરમાત્માભિમુખ કરવું પડશે. યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.